• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| યૌવન | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| પડકારરૂપ જાહેરાત | શ્રી રાજુભાઈ જાની | ૧૦ |
| ફળ મેળવવામાં અધીરા ન થવું જોઈએ | પૂ.પા.શ્રીનથુરામશર્મા | ૧૧ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૧૩ |
| આતિથેય | ભાણદેવજી | ૨૦ |
| શ્રી દશરથયાત્રા—પૂ. શ્રી યોગેશ્વરજીની તપોભૂમિની યાત્રા | ડૉ. બી. જે જાગાણી | ૩૨ |
| બદ્રીનાથમાં રોગ—નિવારણ | સ્વામી રામ | ૪૪ |
| ડૉ. અભય બંગ અને રાણી | ડૉ. અભય બંગ | ૫૧ |
| વરદાન | અનામી | ૬૪ |


## ભક્તિસુધા

મન—ઈંદ્રિય વશ રે' સદા, સુખદુઃખમાં સમભાન;
સહનશીલ રહું હું સદા, ત્યજી ક્રોધ—અભિમાન. ૪૯
માન અને અપમાનને, સમ માની રહું શાંત;
મિત્ર—શત્રુને સમ ગણી, સદા રહું નિર્ભ્રાંત. ૫૦
શુભ નિશ્ચય દૃઢ રાખીને, રહું હું સદા અસંગ;
પ્રિયતમ પ્રભુના દર્શનથી, વિકસું અંગેઅંગ. ૫૧

**(મહારાજશ્રીનથુરામશર્મા)**

# યૌવન

શ્રી યોગેશ્વરજી

યૌવન જીવનની વસંતઋતુ છે. સૃષ્ટિની શોભા, ધરિત્રીની યશકલગી, નિસર્ગનો અમુલખ ઉપહાર, પરમાત્માનું પરમ યશસ્વી શાશ્વત કાવ્ય, શક્તિનો ભંડાર, છતાં પણ એની શક્તિને કેટલા થોડા માનવો સમજે છે? કેટલા થોડા એનો સમુચિત સદુપયોગ કરે છે? મોટા ભાગનાં યૌવન વિષયોમાં અટવાઇ જાય છે, મોહાંધ બની જાય છે, ભાન ભૂલી જાય છે, બેહાલ અથવા બરબાદ થાય છે. ઊગ્યાં એવાં જ અદૃશ્ય થાય છે. એમની દ્વારા કશું ચિરસ્થાયી સર્જન નથી થતું. એમને કોઇ જાણતું નથી, ચાહતું નથી, કવિતામાં સ્થાન નથી આપતું. પ્રશસ્તિને પાત્ર નથી ગણાતું. એ પુષ્પો કોઇની પૂજાના કલ્યાણકાર્યમાં નથી લાગતાં, કોઇને પોતાના પરિમલથી પુલકિત નથી કરતાં. ક્યાંય રસની, સુખની, સનાતન સૃષ્ટિ નથી સર્જતાં. એ સિતારી કોઇની જીવન સિતારીને સ્વર્ગીય નથી કરતી, સંવાદે નથી ભરતી.

દેશમાં કેટલું બધું યુવકધન છે? એમાં સાચું યૌવનધન કેટલું? એ યૌવનની સરિતાઓને નાથીને એમની અંદરથી નહેરોનું નિર્માણ કરીને રાષ્ટ્રની ધરતીને શસ્યશ્યામલા બનાવવામાં આવે એ આવશ્યક છે. એ કાર્ય અસાધારણ આશીર્વાદરૂપ છે. યૌવન વ્યસની બને, વિકારી થાય, મોહગ્રસ્ત, પથભ્રાંત અને વિપથગામી બને તો ખેદાનમેદાન કરે; શાંતિ ને બદલે અશાંતિની સૃષ્ટિ કરે; ઉન્નતિને બદલે અવનતિ સાધે.

કોઇ પણ રાષ્ટ્રના અભ્યુદયનો આધાર એના યૌવન પર અને યૌવનના સમુચિત સદુપયોગપર રહેલો છે. એ યૌવન રાષ્ટ્રનું આરાધક થાય, સેવાભાવી બની જાય, સંયમ, શુદ્ધિ, સાત્ત્વિકતાનું સંગીત ગાય તો જ્યોતિર્મય થાય. એવું યૌવન સમાજના પ્રત્યેક ક્ષેત્રને શોભાવે; સમૃદ્ધ તથા સમુન્નત બનાવે. યૌવન મર્યું તો સઘળું મર્યું. યૌવન તર્યું તો સઘળું તર્યું.



રાષ્ટ્રને યૌવનની જરૂર છે. રાષ્ટ્રના યૌવનને બગડતું, બરબાદ બનતું અટકાવીએ. એને અમંગલ નહિ, મંગલ, અભિશાપરૂપ નહિ આશીર્વાદરૂપ બનાવીએ. આજથી સંકલ્પ કરીએ, આપણા યૌવનને બચાવીશું, એનો શક્યાતિશક્ય સદુપયોગ કરીશું. રાષ્ટ્રના યૌવનને બચાવીશું અને સત્કર્મોમાં લગાડીશું.

ભારતમાતાની મીટ એના યૌવનપર મંડાયલી છે. યૌવનમાં એની આશા છે. યૌવન પાસેથી એ અનંત અપેક્ષા રાખે છે. યૌવન એની કાયાપલટ કરી શકે છે. એને સુખી, સમૃદ્ધ, શક્તિશાળી બનાવી શકે છે. એને માટેની યોજના ઘડીને એને અનુરૂપ પુરુષાર્થને પ્રારંભી શકે છે. પ્રત્યેક યુવક—યુવતી સંકલ્પ કરે. યૌવનને વેડફી નહીં નાખીએ. સ્વસ્થ, શક્તિશાળી, સમૃદ્ધ બનાવીશું. બીજાના સેવાકાર્યમાં લગાડીશું. રાષ્ટ્રની સંપત્તિ માનીશું. રાષ્ટ્રની શાનને વધારવા માટે વાપરીશું.

યુવાનો રાજકીય પક્ષના હાથા ના બને. સ્વાર્થ, સંકુચિતતા, સાંપ્રદાયિકતાનો પ્રતિકાર કરે. ભાંગફોડમાં ભાગ ના લે. જાહેર મિલ્કતને નુકશાન ના પહોંચાડે. વિદ્યાપ્રાપ્તિનું, ચારિત્ર્યનિર્માણનું, દેશને ઉપયોગી બનવાનું વ્રત લે. આદર્શ થવાનું ધ્યેય રાખે. વિદ્યાર્થીઓની અસંખ્ય સમશ્યાઓ છે. એ પારવિનાની મુશ્કેલીઓને તથા પ્રતિકુળતાઓમાંથી પસાર થાય છે. એમની મુશ્કેલીઓને મટાડવા માટે યુવકોએ અને

વડીલોએ આગળ આવવાનું છે. એમને મદદરૂપ બનવાની યોજનાઓ ઘડવાની છે. યુવકોને અને યુવતીઓને ઓછા-ભાવે, વ્યાજબી મૂલ્યે પુસ્તકો તથા સ્ટેશનરી મળે, જીવનોપ-યોગી વસ્તુઓની પ્રાપ્તિ થાય, અને હોસ્ટેલોમાં કે છાત્રા-લયોમાં અથવા અન્યત્ર વસતા વિદ્યાર્થીઓને વધારે બોજાનું વહન ના કરવું પડે; દેશના યૌવનને વધારે ને વધારે શિષ્ટ, સમજુ, સંસ્કારી, સેવાભાવી, સામાજિક જવાબદારીના ભાન-વાળું બનાવવાની સુયોજીત પ્રવૃત્તિ કરવામાં આવે એ આપણા અભ્યુત્થાનને માટે અત્યંત આવશ્યક છે.

વૈરાગ્ય, જ્ઞાન અને ત્યાગના નામે સાંસારિક ઉન્નતિ, સંપત્તિ ને સમૃદ્ધિની ઉપેક્ષા કરવાની ને આત્મોન્નતિના નામે ભૌતિક પ્રશ્નો ને મહત્ત્વના પ્રશ્નો પ્રત્યે બેદરકાર બનવાની જે વૃત્તિ ને પરિપાટી આપણે ત્યાં વધી પડી છે, તે તંદુરસ્ત, આદર્શ ને ઉપયોગી નથી ને એનો અંત આણવાની જરૂર છે. – યોગેશ્વરજી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૦ ફેબ્રુઆરી : ૨૦૦૮ અંક ૫

# શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**તા. ૬–૧–૮૨ સ્થળ : નોર્થ બરગન**

આજે સવારે પૂ. શ્રીએ સ્નાન કરી પોતાનાં બે કપડાં ધોવાના હતાં તે ગડી વાળીને ટેબલ ઉપર મૂકી દીધાં. ત્યાર બાદ દરરોજની જેમ શીર્ષાસન વગેરે બધી કસરતો કરી લીધી. નિયમિત લેખનકાર્ય પણ શરૂ થઈ ગયું.

આજે પણ સવારની મુલાકાતમાં ખાસ નોંધને યોગ્ય વાતો ન થઈ. આજે અગિયારસ જેથી પૂ. શ્રીએ ફક્ત દૂધ જ લીધું. થોડો આરામ કર્યો. બપોરે સર્વેશ્વરીએ પૂછ્યું, ''મને બધા સંતોનાં ક્યારે દર્શન થશે?'' પૂ. શ્રી કહેવા લાગ્યા, ''એ બધાનાં દર્શન કરીને શું કરવું છે? પ્રિન્સીપાલને મળી લીધા પછી શિક્ષકોને મળવું જરૂરી છે? સર્વેશ્વરી–હા, એ શિક્ષકોને મળવું જરૂરી મને જણાય છે તો પૂ. શ્રીએ કહ્યું, ''તો પછી જે

જે સંતોનાં દર્શનની ઈચ્છા હોય, તેને તેને પ્રાર્થના કરો, તેના સ્વરૂપને યાદ કરો.''

સાંજે પૂ. શ્રી સાથે ધ્યાનમાં બેઠાં, ધ્યાનની બેઠક પહેલાં ફ્લોરીડાથી ફોન આવ્યો. અમદાવાદના એક સત્સંગી ભાઈના પુત્રનો એ ફોન હતો. તેમના પિતાજીના પત્ર ઉપરથી તેમણે અહીં ફોન કરી પૂ. શ્રીને ફ્લોરીડા જે અહીંથી ૧૫૦૦ માઈલ દૂર છે, ત્યાં આવવાનું આમંત્રણ આપતાં કહ્યું, ''હું ટિકિટ મોકલી આપું, આપ પ્લેનમાં આવો.'' પણ હવે પૂ. શ્રી પાસે સમય નથી, એટલે ફરી વાર આવીશું ત્યારે જોઈશું. ધન્ય છે એમની સંતસેવાની ભાવનાને. એમના પિતાજીની સૂચનાને તેઓ પાળવા તત્પર જણાયા. એ ગિરીશભાઈના બે બીજા ભાઈઓ પણ રહે છે. તેઓએ પણ પૂ. શ્રીનો સંપર્ક સાધી પૂ. શ્રીને આમંત્રણ આપ્યું અને એ આમંત્રણના અનુસંધાનમાં ફીલાડેલફીયામાં પ્રવચન ગોઠવાયું પણ છે.

વિદેશમાં રહીને માતાપિતાની, સંતોની આદર ભાવના જળવાયેલી તેમનામાં જોવા મળી છે.

આજનું પ્રવચન શ્રી દિનેશભાઈને ત્યાં હતું. ત્યાં પહોંચતાં જ પૂ. શ્રીનું અને સર્વેશ્વરીનું ફૂલથી સ્વાગત થયું, વળી સર્વેશ્વરી દેવસ્થાનનો દીવો પ્રગટાવે એવી વિનતિ થતાં તે દીવો પ્રગટાવવાનું કામ પણ સર્વેશ્વરીએ કર્યું. પ્રવચન બાદ સર્વેશ્વરીએ પૂ. શ્રીની આજ્ઞા મુજબ સંતો પ્રત્યે પૂ. શ્રીનો વ્યવહાર કેવો છે તે વાતો શ્રોતાઓને કહી સંભળાવી. ઉતારા પર આવી દૂધ પી આરામ.

**ગુરુવાર પોષસુદ બારસ ૨૦૩૮**

**તા. ૭–૧–૮૨ સ્થળ : નોર્થ બરગન**

અહીં પૂ. શ્રી પ્રત્યે એક વિશેષ પૂજ્યભાવ જોવા મળે છે અને તે પૂ. શ્રી ભગવાન છે. એવી ભાવનાથી યજમાન



વિચારે છે કે એમના પિતાજીની ભક્તિથી પૂ. શ્રી એમને ત્યાં આવ્યા. વળી યજમાને જાણ્યું કે વરસો પછીની પ્રાર્થનાના જવાબરૂપે પૂ. શ્રી સર્વેશ્વરીને ત્યાં ગયા, ત્યારે તો તેમને ખૂબ આશ્ચર્ય ને આનંદ થયો કે અમારે તો ૧૦ જ મિનિટનો પરિચય છે છતાં તેઓએ અમારે ત્યાં જ ઉતરવાનું નક્કી કર્યું. અમારું ખૂબ જ અહોભાગ્ય છે.

ગઈકાલે જ ટિકિટની મુદત વધારવામાં આવી. વળી વીસા પણ વધારવામાં આવ્યા, જેથી શ્રી વિનોદભાઈ અને સરોજબેનને ખૂબ જ આનંદ છે.

પૂ. શ્રીએ તો કેટલાય દિવસથી જાણી લીધું હતું, જગદંબાએ એમને આદેશ આપ્યો હતો કે તા. ૧૫ મી પછી જ જવાનું રાખીશું. એટલે પૂ. શ્રીને તો નિરાંત હતી કે વીસા ને ટિકિટનું બધું જ કામ આગળ થઈ જશે જ.

આજે પૂ. શ્રી સવારે સ્નાન બાદ વ્યાયામ કરી લેખનકાર્ય માટે બેઠા. દૂધ પીધું. વળી ફરીથી ૧૨ વાગ્યે પણ લેખનકાર્ય કર્યું. આજે દાળભાત શાકનું ભોજન લઈ લીધું. પછી મુલાકાત શરૂ થઈ.

આજે મુલાકાતમાં વડોદરાનાં એક બેન પૂ. શ્રીને મળવા આવ્યાં હતાં તેમની સાથે થોડી વાતો થઈ. તે બેન પૂ. શ્રી માટે મીઠાઈ ને ફળ લાવ્યાં હતાં જેમાંથી સૌને પ્રસાદ આપવામાં આવ્યો.

બે વાગ્યે મુલાકાતીઓની વિદાય લઈ પૂ. શ્રી ફરી લેખનકાર્ય કરવા બેઠા. સર્વેશ્વરી પણ લેખનકાર્ય કરવા બેઠાં. વળી માળા પણ ૫૦ કરી. પૂ. શ્રીએ થોડો આરામ કર્યો.

આજે સાંજનું પ્રવચન નજીકના સ્થળે હતું. પ્રવચન બાદ

ઉતારા ઉપર આવી ગયા. રાત્રે ફોનથી વડોદરા સમાચાર આપ્યા કે પૂ. શ્રી ૨૧ મીએ મુંબઇ આવે છે. પૂ. શ્રીને એ સમાચાર ઘણા મોડા આપવા હતા પણ સર્વેશ્વરીના આગ્રહથી ફોન જોડ્યો તો ફોન જોડાયો ને વાત થઇ. અગિયાર વાગ્યે આરામ કર્યો.

ૐકાર એ એકાક્ષરી મંત્ર પરમાત્માના નામનો વાચક છે. તેના કેવળ જપ કરવામાં આવે તેને બદલે ૐકારનું ધીમા સ્વરે રસપૂર્વક ગાન થાય તો વધારે લાભ થાય છે. તેના સુમધુર ને શાન્ત ધ્વનિ સાથે મન સહેલાઈથી એક થાય છે. એકાગ્ર બનીને પરમાનંદમાં નાહવા માંડે છે. ને ઊંડી શાન્તિનો અનુભવ કરે છે. —યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



### સાધકો માટે સ્વર્ગારોહણ હવે તીર્થક્ષેત્ર ઉપરાંત અન્નક્ષેત્રય બની રહેશે

# પડકારરૂપ જાહેરાત

**શ્રી રાજુભાઇ જાની**

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ તા. ૨૬ જાન્યુ. ૨૦૦૮ના પ્રજાસત્તાક દિને યોજાયેલ બાળકોને વસ્ત્રવિતરણ અને બાળ ભોજન કાર્યક્રમના પ્રારંભમાં જ દીપ પ્રગટાવીને શ્રી યોગેશ્વર પરિવારના સાધકો માટે લખીને જાહેરાત કરી—જેના શબ્દો છેઃ—

''આજના સમયની સતત વધતી જતી મોંઘવારીમાં પૂ. મા પાસે સ્વર્ગારોહણ આવતા સાધક ભક્તો/બાળકો માટે પૂ. મા સતત ચિંતા કરે છે. અહીં આવવા જવાના ખર્ચ ઉપરાંત અહીં રહેવા જમવાનો ખર્ચ કેટલાક માટે અસહ્ય બને છે તેથી પૂ. શ્રી મા શ્રી તરલાબેનના આજના બાળભોજનના પ્રારંભથી જ સ્વર્ગારોહણમાં ઉતરી રહેતા ભક્તો માટે—સવારના દૂધ નાસ્તા તથા બે સમયના ભોજનનો ખર્ચ—સ્વર્ગારોહણ તીર્થક્ષેત્રનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી રૂા. ૩૦ ને બદલે માત્ર રૂા. ૧૦ જ લેવાતો રહેશે.''

પૂ. માની આ અણધારી જાહેરાતથી ઉપસ્થિત સાધકો સ્તબ્ધ થઇ ગયા હતા; કારણ કે જે મોંઘવારી સાધકોને નડે, તે સંસ્થાનેય નડે જ. પૂ. માએ કહ્યું ''આ પડકાર ઘણો મોટો છે પરંતુ તે પ્રેરણા કરનાર ગુરુદેવ પ્રભુ જ પૂર્ણ કરશે''. કેવી અદ્ભુત શ્રદ્ધા!

હાલ સંસ્થામાં સવારે જે નાસ્તો ને દૂધ આપવામાં આવે છે તેનો સરેરાશ ખર્ચ જ રૂા. ૧૨ જેવો આવે છે તેથી બે ટંકનું ભોજન મફત જ બની રહેશે.

સાધકો માટે આ તીર્થક્ષેત્ર ઉપરાંત હવે અન્નક્ષેત્રય બની રહેશે જ. ગુરુદેવ પ્રભુ પૂ. માના આ શુભસંકલ્પને સદાને માટે પૂર્ણ કરતાં રહે એ મંગલ પ્રાર્થના.

# ફળ મેળવવામાં અધીરા ન થવું જોઈએ

પૂ. પા. શ્રીનથુરામશર્મા

"ઊતાવળે આંબા પાકતા નથી" એ કહેવત પ્રમાણે મોટાં કાર્યોનું ફળ તુરત થતું નથી, પણ કાળે કરીને થાય છે. જેઓ કાર્યનો આરંભ કરી તુરત ફળ મેળવવાની ઈચ્છા રાખે છે, ને ઈચ્છિત ફળ નહિ મળવાથી અસંતુષ્ટ થઇ તે કાર્યનો ત્યાગ કરે છે તેઓ વિવેકહીન છે. જેઓ ફળની પ્રાપ્તિપર્યંત ધીરજ રાખી યથાયોગ્ય યત્ન કરે છે, પણ ફળ માટે આતુર થતા નથી, તેઓ વિવેકી છે. કોઇ મનુષ્ય એક ઐશ્વર્યવાન યોગીની કોઇ પ્રકારનું ઐશ્વર્ય સંપાદન કરવાની ઈચ્છાથી સેવા કરતો હતો. સેવા કરતાં કરતાં આશરે છએક માસ થયા, પણ પેલા યોગીંદ્રભણીથી તેને ઈચ્છિત ઐશ્વર્ય સંપાદન કરવાના સાધનનો ઉપદેશ થયો નહિ, તેથી તે ઉદાસ થયો. એક દિવસ તે ઘડો લઇને નદીએ જલ ભરવા ગયો. ઘડો ભરીને નદીના તટપર મૂકી તે પોતાના ઘરભણી જવા ચાલતો હતો ત્યાં તે ઘડાએ તેને કહ્યું, "ભાઇ! મને અહીં એકલો મૂકીને ક્યાં જાઓ છો?" તેના ઉત્તરમાં તે મનુષ્યે આ પ્રમાણે કહ્યું, "આજ છ માસ થવા આવ્યા, ને હું સેવા કરી કરીને થાક્યો, પણ હજી ગુરુજી મને ઈચ્છિત વિદ્યાનો ઉપદેશ કરતા નથી, તેથી હું હવે મારે ઘેર જાઉં છું." ઘડાએ કહ્યું કે, "ભાઇ! પ્રથમ ધીરજ રાખીને કષ્ટ સહન કરીએ તો જ પરિણામે સુખના ભાગી થવાય છે, તુરત જ સુખ મળી જતું નથી. હું વર્તમાનમાં માણસોના મસ્તકપર કે કાંધપર બેસું છું તે આરંભમાં મેં ધીરજ રાખીને ઘણું કષ્ટ સહન કર્યું છે ત્યારે



જ બેસું છું, અનાયાસે એ સ્થિતિ મને પ્રાપ્ત થઇ નથી. સાંભળો, પ્રથમ હું માટીની ખાણમાં હતો, ત્યાં કુંભારે આવી કોદાળી મારી મારીને ખોદીને મને બહાર કાઢ્યો, પછી ઘેર લાવી લાકડાના ધોકાવતી મને ખૂબ ખાંડવામાં આવ્યો. પશ્ચાત્ પાણી નાંખી નરમ કરી પછી કુંભારણે લાતો મારી મારીને મને સારી રીતે ગુંદ્યો. એટલેથી જ મારા કષ્ટનો અંત આવ્યો નહિ, પણ પછી પિંડો કરી મને ચાકડે ચઢાવી ફેરવી ફેરવી અંતે દોરીવડે કાપી નીચે ઊતારવામાં આવ્યો. પછી કેટલોક સમય રાખ તથા ધૂળવાળી જગાએ મને રાખ્યો. પછી એક પાણો અંદર રાખી ઉપર ટપલા મારવા માંડ્યા. પછી કેટલોક સમય ટાઢતડકો સહન કર્યાં. પશ્ચાત્ ફુટેલાં વાસણો, દુર્ગંધવાળો કૂચો, તથા રાખ ને ધૂળ મારા પર રાખી તે કૂચામાં આગ મૂકી. આગમાં ઘણું દુઃખ સહન કર્યા પછી અંતે તેમાંથી કાઢીને મને બહાર રાખ્યો. ત્યાં ગુરુજીનું માણસ આવ્યું તેણે તર્જની આંગળીને અવળી રાખી ત્રણ ટકોરા મારી હું ફુટલ વા તડવાળો નથી એમ ખાત્રી કરી વેચાતો લીધો. આટલું બધું દુઃખ મેં સહન કર્યું ત્યારે આજ મને તમારા કાંધપર બેસવાનો સમય આવ્યો છે, તેમ જ તમે જો ધીરજ રાખી ગુરુજીની શ્રદ્ધાભક્તિથી સેવા કરવારૂપ કષ્ટ સહન કરતા રહેશો તો પરિણામે ઈચ્છિતને પામશો, ને ચાલ્યા જશો, તો પસ્તાશો." ઘડાનું આ કહેવું તે માણસને ગળે ઊતર્યું, તેથી તે ઘડાને ઉપાડી તે યોગીના સ્થાનભણી આવ્યો, ને ધીરજ રાખી સેવા કરતાં કરતાં કેટલોક કાળ વ્યતીત થયા પછી તે ગુરુના અનુગ્રહને પ્રાપ્ત થઇ ઈચ્છિત સાધનને પામ્યો.

છે પ



# સમંદરને પેલે પાર

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા– હવાઈનથી લોસ એંજલસ દિવસ–૧૯, તા. ૨૬–૫–૦૫**

આજે વિશ્રામ દિન છે. તા. ૨૪ મીની ગઈ રાત ૨ વાગે પ્રારંભ પામી હતી. પાછાં ૪ વાગે તો બસમાં બેસી પણ ગયાં.

માત્ર બે કલાકની ઉંઘમાં કેવો વરદ હસ્ત હે હરિ આપ પ્રસારો છો કે તે જીવ પાછો નિત્ય પ્રભાતે સ્ફૂર્તિથી થનગનતો થઈ જાય છે.

ગઈ કાલની યાત્રા પણ સરસ હતી. બધું જ સરસ છે. શ્રી હરિ. આપ જ સરસ, સર્વોત્તમ, સુંદર છો તો આપની સૃષ્ટિ પણ એવી જ સુંદર છે, તો આપની યાત્રા પણ એવી જ સુંદર ને સફળ છે.

આજે શાંતિથી ઊઠ્યાં. અહીં દરરોજ સમૂહ પ્રાર્થના થાય છે. શ્રી સુશીલાબહેન તથા શ્રી જગુભાઈ નવા નવા રાગમાં બાવનીને ગોઠવતાં રહે છે.

આજકાલ સુશીલાબહેન 'કાહે ન મંગલ ગાવે'ના રાગમાં બાવની કે ધૂનના પ્રયત્ન કરી રહ્યાં છે. **'મા'**ને પણ એ રાગ ગમે છે.

આજે તો સવારથી જ એ રાગમાં એક પંક્તિ મનમંદિરમાં ચાલી રહી.

કોણ રમે છે દેહે?
સર્વેશ્વરીના કોણ રમે છે દેહે?

અને લખાઈ ગઈ એ પ્રાર્થના કે પદ કે કવિતા કે જોડકણું,



જે ગણો તે. શ્રી હરિના દેહે એની કોઈ વ્યાખ્યાનું બંધન નથી. માત્રાની કે છંદની પણ ત્યાં ખાસ કિંમત નથી. માત્ર **ભાવ ને પ્રેમથી તે છલકતું હોવું જોઈએ.** તો તે તરત જ શ્રી હરિ નોંધી લે છે.

આ રહ્યો આજનો હરિપ્રસાદઃ–

(રાગ : કાહે ન મંગલ ગાવે)

કોણ રમે છે દેહે?
સર્વેશ્વરીના કોણ રમે છે દેહે?

ચાલે, દોડે, ફરે કોણ એ,
લખે, જપે, સ્મિત સાથે;
યાત્રા કરે, કરાવે છે જે,
પરખી લેજો પ્રેમે. સ૦

શૈશવમાં રક્ષા કરી કોણે,
યુવાનીમાં જે વાળે;
સંનિધિ સુખને સદા ધરે જે,
શોધી લેજો એને. સ૦

જળ વિના જે જતન કરે છે,
ફળ, દૂધ ને વળી ત્યાગે;
દેહાતીત રમે છે દેહે,
દર્શન કરી લો નેહે. સ૦

રાતદિવસ વસતા જે હૈયે,
કસોટી કરતા રમાડે;
પૂજન ભક્તોનાં સ્વીકારે,
શાસક, સમર્થ એ છે. સ૦

તર્ક વિતર્ક સર્વ છોડીને,
નિત્ય પ્રભાતે નમજે;
કોક દિન એ દર્શન દેશે,
રાખ ભરોસો હૈયે. સ૦

સર્વેશ્વરી અનુભવથી ગાયે,
મસ્ત બનીને મ્હાલે;
કહ્યું માની લે કાયમ કાજે,
વિના નાવ તરી જાશે. સ૦

**આ** શ્રી હરિ, હવાઈન ટાપુ ઉપર તા. ૨૬–૫–૦૫ ના અંતિમ યાત્રાદિને લખે છે. પ્રારંભે પણ એરપોર્ટ ઉપર લખે છે ને અંતિમ દિને પણ એ જ લખે.

પછી, શ્રી હરિ, આ પ્રસાદ ધરે તે કાંઇ એકલો તો ના ખવાય! શ્રી સુશીલાબેન, શ્રી જગુભાઇ એ બંનેને તો આપવો જ પડે. વળી, શ્રી ભગવાનજી પણ એવા જ સંગીતના રસીયા ને સરસ રાગમાં ગાઈ શકે એટલે ત્રણેએ એને માણ્યું.

પછી, સૌને એ સમૂહમાં **પદ** પીરસાયું. આનંદ.

આજે અંતિમ દિન—વિશ્રામ દિન. આજે છેક પાંચ વાગે પ્રસ્થાન છે.

તો સૌ દરિયાકિનારે ચાલવા જાય છે. દરિયા કિનારો દૂર છે. તેની સામેના રોડ ઉપર ચાલવાનો સરસ માર્ગ છે. જેથી **'મા'** પણ સાથે જાય છે.

કર્પૂરવનમાં ભીખી બા કહેતાં કે ''ભાત છોડવો પણ સાથ ના છોડવો.''

યાત્રાનો અંતિમ દિન છે. તો ભલે સૌની સાથે **'મા'** પણ જાય. એમ વિચારી **'મા'**એ **'મા'**ને તૈયાર કર્યાં.



ચાલો, જરા વ્યાયામ મળશે. સ્વચ્છ, શુદ્ધ હવા મળશે.

અને ૨ કલાક એ વ્યાયામ મળી જાય છે.

આવીને એક કલાક વિશ્રામ. પછી ફળાહાર લઇને એરપોર્ટ માટે પ્રસ્થાન.

અહીં સંરક્ષણ વિભાગ અને ખેતીવાડી વિભાગ બંનેમાંથી કુલ બે વાર બેગ ચેક થાય છે.

ફળો, ફૂલો, ભોજનના પદાર્થો હવાઇનથી લોસએંજલસ ના લઇ જવાય. એટલે દરેક બેગનું ચેકીંગ થાય છે.

જરૂરી બધી જ વિધિ તો કરવી જ રહી. યાત્રીઓને પણ અને **'મા'** ને પણ.

આગળ ચાલવાનું બને છે. હવે, સાચે જ પ્લેન ઉપડશે તેથી તે જ ગેટ પાસે જ્યાં ખુરશીઓ હતી ત્યાં સૌ બેઠાં છે **'મા'** પણ.

આજે યાત્રામંડળીમાંથી ભારતીબેનના પગ સત્યાગ્રહ કરીને બેઠા છે. અતિ પરિશ્રમ ને સતત ઉજાગરાને લીધે પગ જરા વેકેશન ઉપર છે. જેથી આજે ભારતીબેન માટે વીલચેર આવી છે.

એને આજે પ્લેનમાં સૌથી પહેલાં બેસવાનું મળે છે. સાથે શ્રી નીરૂબેન જાય છે. વીલચેરની જે સેવા આપે તે સેવકને નીરૂબેન કહે છે અમારી સાથે ૧૬ નું ગ્રૂપ છે તે સૌને પણ લઇ જા. તે ના પાડે છે. સાથે નીરૂબેન જાય છે. સીટ સુધીમાં પહોંચતાં તે સેવકને આ બંને બેનો કંઇક વાતો કરે છે.

જેથી તે સેવક ભારતીબેનને મૂકીને જેવાં બહાર આવે છે ત્યાં જ **'મા'** પાસે એક સીટ ખાલી હતી ત્યાં બેસી જાય છે.

**'મા'**ને અહોભાવથી કહેવા લાગે છે. ''તમે કોઇ વિશેષ વ્યક્તિ છો. મેં જાણ્યું. મારે આશીર્વાદ જોઇએ છે.''

**'મા'** લખે છે આશીર્વાદ જોઈતા હોય તો ચાલો અમારી સાથે લોસ એંજલસ.

તે સેવક હસતાં હસતાં કહે છે ના, તમે જ પાછા હવાઈન આવજો ત્યારે સાથે રહીશ.

આપણી મંડળી તેને હાથ જોડતાં શીખવે છે. ને 'ૐ મા' બોલતાં શીખવે છે.

**'મા'** લખે છે સુખી થાવ. શાંતિ પામો. આનંદ કરો. તે ભાઈ પાછો પોતાની ફરજ ઉપર હાજર થઈ જાય છે.

અને થોડી જ વારમાં સૌ **'મા'** સાથે પ્લેનમાં બેઠાં છે.

આજે પ્લેનમાં નવ પૃષ્ઠો નોંધનાં લખાયાં. થોડા જપ ને થોડો વિશ્રામ થયો.

આજે ૫ કલાકની લાંબી યાત્રા હતી. હોનોલુલુથી લોસ એંજલસ.

અરે, નોંધ કરતાં કરતાં શ્રી હરિ પાછી કલમ લે છે. આ **'મા'** સર્વેશ્વરીની કલમ ઉપર શ્રી હરિનું જ સામ્રાજ્ય સ્થપાયું છે. માટે વારંવાર કલમનો કબજો શ્રી હરિ લઈને એને જે લખવું હોય તે લખી દે છે.

આજે અવકાશયાત્રામાં શ્રી હરિએ ફરી એક પ્રસાદ આપ્યો.

(રાગ : કાહે ન મંગલ)

સર્વેશ્વરી મસ્ત બનીને મ્હાલે,
જે કોઈ જાણે તે તો માણે.

આગળ પાછળ શ્રી હરિ ફરતા,
કંટક કંકર હરતા,



પગદંડી પર પુષ્પ એ ધરતા,
જનમ જનમ એ વરતા. જે કોઈ૦

માગ્યા વિણ એ સઘળું ધરતા,
અંકે લઈને ફરતા,
લાડ લડાવે ત્રિલોક સરખા,
દુઃખડા સૌના દળતા. જે કોઈ૦

સર્વેશ્વરીમાં હસતા રમતા,
ડોલતા ને વળી ગાતા,
ભળતા ગળતા ને છલકાતા,
સદા મળે મલકાતા. જે કોઈ૦

પરબડી એ સૌની બનતા,
હાશ સદાયે ધરતા,
હારેલા ને હિમ્મત ધરતા,
સર્વેશ્વરી ગૃહે મળતા. જે કોઈ૦

શ્રી હરિનો મુકામ પોસ્ટ–વિશ્રામ ક્યાં? એનું સરનામું કોઈ પૂછે તો કહી દેવું, **"એ મોટે ભાગે સર્વેશ્વરીના ઘરે જ મળે છે. ત્યાં એ પોતાનું કાર્યાલય પણ ચલાવે છે. સર્વેશ્વરીનું ઘર એને પ્રિય લાગ્યું છે. એટલે બહારગામ જતા તો હશે, પણ કાયમી સરનામું તો આ જ છે. અહીંના સરનામે તમે શ્રી હરિને પત્રો લખો તો પહોંચશે જ, એવી ખાત્રી 'મા'ને મળી છે."**

કારણ સર્વેશ્વરીના બધાં જ કાર્યો તે જ કરે છે. જાણે પોતે જ માલિક હોય તેમ બધું જ એણે અહીં કબજે કરી લીધું છે.

એટલે તો સર્વેશ્વરી પણ પોતાની મસ્તીમાં જ દિન રાત

રહે છે. એણે તો બધું સોંપી દીધું છે. અરે, સોંપ્યા વગર જ શ્રી હરિએ એ બધું જ ચિંતા નામનું ખાતું સર્વેશ્વરી પાસેથી ઝૂંટવી લીધું છે.

અરે, આ આખી યાત્રા પણ એણે જ ગોઠવી. એણે જ સૌને પસંદ કર્યા. યાત્રા પૂર્ણ રીતે સફળ પણ એણે જ કરી.

રોજ રોજ યાત્રાની મંડળી પણ નિયમિત યાત્રાના આરંભે પ્રાર્થના ગાઇ ગાઈને બધું એને સોંપી દેતી. શ્રી હરિને યાદ કરાવતા કે આપણે યાત્રામાં છીએ તો ચાલો બધું સંભાળો.

અને સાચે જ યાત્રીઓને સર્વપ્રકારે અનુકૂળતા ધરીને ભક્તોના સેવક કેવા હોય તે શ્રી હરિએ પોતે જ સૌને ઉઘાડી આંખે સમજાવી દીધું. સોંપો તો સંભાળ્યું આ એક સૂત્ર આ યાત્રામાં શ્રી હરિએ સૌને ધર્યું છે. (ક્રમશઃ)

જ્ઞાનની ઉપલબ્ધિ માટે પરમાત્માની કૃપા આવશ્યક છે. આવી કૃપા થતાં સાચા જિજ્ઞાસુ સાધકને સદ્‌ગુરુની પ્રાપ્તિ એ પ્રભુ જ સમય પાકતાં કરાવી આપે છે.

— યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# આતિથેય

ભાણદેવજી

દક્ષિણભારતની યાત્રા ચાલુ હતી. અમે લગભગ સવારે સાડા દશ વાગ્યે કુંભકોણમ્‌થી બસદ્વારા નીકળ્યા. અમારે ચિદમ્બરમ્ જવું છે—ભગવાન નટરાજનાં દર્શન કરવા, તેમને પ્રણામ કરવા તેમનું પૂજન કરવા! ભગવાન નટરાજનાં દર્શન પૂજન કરી રાત્રે પોંડીચેરી પહોંચવાનું અમારું આયોજન છે.

અમારી બસ કુંભકોણમ્‌થી ચિદમ્બરમ્‌ના સુંદર રસ્તા પર સડસડાટ દોડી રહી છે. કાવેરીના સમુદ્રમિલનનો આ વિસ્તાર છે. મોટી નદીઓ સમુદ્રને મળે તે વિસ્તાર ફળદ્રુપ હોય, અને તેથી તે વિસ્તાર લીલી નાઘેર જેવો રળિયામણો પણ હોય જ. રસ્તાની બંને બાજુ ઊંચાં ઘેઘૂર વૃક્ષો છે. ચારે બાજુ ડાંગરનાં લીલાંછમ ખેતરો છે. અમે તમિલનાડુની આ લીલી નાઘેરને માણતાં માણતાં ભગવાન નટરાજનાં દર્શન કરવા માટે ચિદમ્બરમ્‌ના આગમનની કે અમારા ચિદમ્બરમ્ પહોંચવાની રાહ જોઈએ છીએ. અમારા મનમાં કેટલાક પ્રશ્નો છે?

ચિદમ્બરમ્‌માં એક જ બસસ્ટોપ હશે કે વધુ? ભગવાન નટરાજના મંદિરે જવા માટે અમારે કયા બસસ્ટોપ પર ઊતરવું? અત્યારે આ સમયે ભગવાન નટરાજનું મંદિર ખુલ્લું હશે? મંદિરમાં દર્શનનો સમય શું હશે? મંદિરમાં સ્નાન માટે કોઈ વ્યવસ્થા હશે? મંદિરમાં દર્શન કરવા જતી વખતે અમારો સામાન અમે ક્યાં મૂકી શકીએ? દર્શન કર્યા પછી અમને આજે પોંડીચેરી જવાની બસ મળી શકે?

આ બધી વિગતો અમારી જાણમાં હોય તો આયોજન કરવું સરળ પડે. સામાન્ય રીતે યાત્રા દરમિયાન બસમાં કે ટ્રેઇનમાં જે તે વિસ્તારમાં રહેતા સહયાત્રીઓ સાથે વાત કરીને આપણે આ પ્રકારનું માર્ગદર્શન મેળવી શકીએ છીએ. પરંતુ કુંભકોણમ્‌થી ચિદમ્બરમ્ સુધીની આ બસમાં અમારી ભાષા સમજે કોણ? ને અમે કોની ભાષા સમજીએ? બસમાં બેઠેલા યાત્રીઓ આ વિસ્તારના તમિલ ગ્રામજનો છે. તમિલ સિવાય કોઈ ભાષા જાણતા નથી, અને તમિલભાષાના વીશેકથી વધારે શબ્દો હું પણ જાણતો નથી. પૂછવું કોને? માર્ગદર્શન મળે કોની પાસેથી?

મેં આજુબાજુ બેઠેલા બે ત્રણ યાત્રીઓ સાથે હિન્દી–અંગ્રેજીમાં વાત કરવા પ્રયત્ન કર્યો. બધાનો એક જ જવાબ– "ઈલૈ, ઈલૈ (ના,ના) અને નો હિન્દી" મળ્યો. મેં કંડક્ટર સાથે વાત કરવા પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. તેને પણ હિન્દી કે અંગ્રેજીનું જ્ઞાન નથી. અમે દૂર દૂરના યાત્રીઓ છીએ, અને અહીંની ભાષા જાણતા નથી તથા અમારે કાંક માહિતીની જરૂર છે, એટલું તો આજુબાજુ બેઠેલા બધા યાત્રીઓ સમજી ગયા. તેઓ સૌ મદદ કરવા આતુર હતાં, પણ મદદ શું કરે અને કેવી રીતે કરે?

ભાષાજ્ઞાનના અભાવમાં મૂંઝવણ ઊભી થઈ શકે, તે મેં મારી અનેક યાત્રા દરમિયાન જોયું છે. વિદેશયાત્રા દરમિયાન પણ આવા અનુભવો થાય છે, પરંતુ આ સૃષ્ટિમાં, પ્રભુરચિત આ દુનિયામાં સમસ્યાનું સમાધાન પણ સમસ્યાની બિલકુલ બાજુમાં જ હોય છે. થોડી ધીરજ અને ઘણી શ્રદ્ધા–આ બે હોય તો સમસ્યાનો ઉકેલ ન મળે તેવી સમસ્યા ભગવાને રચી



જ નથી!

પરિસ્થિતિ જાણીને અમારી બેઠકથી આગળની બેઠક પર બેઠેલાં એક બહેને પાછું વળીને અમારી સામે જોયું. પચાસ પંચાવન વર્ષની ઉંમર હશે. સહેજ ભીનો, પણ દક્ષિણ ભારતમાં ઊજળો ગણાય તેવો વાન છે. કાળા સુંદર ચળકતા વાળનો કેશપાશ અને કેશપાશમાં વેણી મૂકેલી છે. કપાળમાં મોટો ભરભરિયો ચાંદલો અને નાકમાં સોનાની ટીપકી છે. ચહેરો ભદ્ર અને શાલીન લાગ્યો. અમારી સામે જોઈને અંગ્રેજીમાં સડસડાટ બોલવાનો પ્રારંભ કર્યો. તેમણે ઝડપથી અને સચોટ રીતે અમારા પ્રશ્નોના જવાબ આપ્યા.

"આપ નચિંત રહો. અત્યારે મંદિરના મુખ્ય દ્વાર બંધ હશે, પણ નાનું દ્વાર (બારી) ખુલ્લું હશે. આ બસ બારી પાસે જ ઊભી રહેશે. અમે આપને જાણ કરશું. મંદિરના પરિસરમાં વિશાળ પવિત્ર કુંડ છે, તેમાં સ્નાન કરીને આપ ભગવાન નટરાજનાં દર્શન કરી શકશો. બાજુમાં જ બસસ્ટેન્ડ છે. આપને પોંડીચેરી જવાની અનેક બસો ત્યાંથી રાત સુધી મળતી રહેશે. મારું ઘર બારી પાસેના બસસ્ટોપની બાજુમાં જ છે. અમે આપને સહાય કરશું. આપ કશી ચિંતા ન કરશો."

તેમની સૌમ્ય અને મધુરભાષા, તેમના અભિગમમાં તરવરતી સરળતા અને સચ્ચાઈ મને સ્પર્શી ગયાં. મેં તેમનો આભાર માન્યો. વચ્ચે વચ્ચે તેઓ શુદ્ધ અને શિષ્ટ હિન્દીમાં પણ બોલતાં હતાં.

તેમણે અમને આવશ્યક બધી માહિતી આપી, અને ચિદમ્બરમ્ પહોંચ્યા પછી પણ જરૂરી મદદનું આશ્વાસન આપ્યું, એટલે અમે નચિંત થયા. ઘટાદાર વૃક્ષોની વચ્ચેના

સુંદર રસ્તા પરથી બસ પસાર થઇ રહી છે. દક્ષિણભારતના લોકો પ્રમાણમાં શાંત અને સૌજન્યશીલ છે, એવો મારો અનેકવારનો અનુભવ છે. દક્ષિણભારતની બસોમાં ધાંધલ-ધમાલ અને ઉપદ્રવો બહુ ઓછા હોય છે, અને કાર્યક્ષમતા વધુ હોય છે, તેમ પણ મેં જોયું છે. લોકોનું વલણ પણ સહાયક અને નિરુપદ્રવી હોય છે. કુંભકોણમ્થી ચિદમ્બરમ્ દૂર નથી. હવે હમણાં જ બસ ચિદમ્બરમ્ પહોંચશે એવું અમારું અનુમાન છે. થોડીવારમાં જ અમારી સંભાળ રાખતાં હોય તેમ તે બહેને અમને કહ્યું, ''હવે બસ જ્યાં ઊભી રહેશે, ત્યાં આપણે ઊતરવાનું છે.''

મને એ વાતની નવાઇ લાગી કે તમિલનાડુના એક ખૂણામાં વસેલા આ નાનકડા ચિદમ્બરમ્માં રહેતા આ બહેનનું અંગ્રેજી અને હિન્દી, બંને ભાષા પર આટલું પ્રભુત્વ કેવી રીતે આવ્યું હશે? પરંતુ મેં આ પ્રશ્ન તેમને પૂછ્યો નહિ.

થોડીવારમાં બસ ઊભી રહી. અમે સામાન લઇ નીચે ઉતર્યા. મારી સાથે મારા બે સહયાત્રી મિત્રો છે. અમે ત્રણે મિત્રો નીચે ઊતરીને ક્ષણવાર ઊભા રહ્યા. ચારે બાજુ નજર નાખી, બસ મોટા પહોળા માર્ગ પર એક વિશાળ વૃક્ષ નીચે ઊભી છે. એક બાજુ વિશાળ મંદિરનાં ગોપુરો, દીવાલ અને શિખરો જોઇ શકાય છે. સામે જ મંદિરમાં જવાનું નાનું દ્વાર પણ છે. અમે સમજી ગયા કે આ જ ભગવાન નટરાજનું મંદિર છે, અને આ જ છે અંદર પ્રવેશ માટેની બારીનું દ્વાર. બસ રસ્તાની જે બાજુ પર ઊભી હતી તે બાજુ પર, બિલકુલ સામે જ એક મોટું મકાન છે. અમને માર્ગદર્શન આપનાર બહેન બસમાંથી નીચે ઊતરે એટલે તેમને નમસ્કાર કરી,



તેમનો આભાર માનીને પછી મંદિરમાં જશું, તેવી અમારી ગણતરી છે.

બહેન નીચે ઊતર્યા. તેમને નમસ્કાર કરી અમે મંદિર તરફ જવાની તૈયારી કરી. બાજુમાં રહેલા મકાનના દ્વાર તરફ મુખ કરીને તેમણે અમને કહ્યું, ''આ જ અમારું ઘર છે. આપ અમારે ઘેર આવો. આપને માટે દર્શનની વ્યવસ્થા થશે. આપ નચિંત રહો.'' તેમના નિમંત્રણથી અમને નવાઇ તો લાગી, પરંતુ સંકોચ પણ થયો. એક સ્ત્રીના નિમંત્રણથી તેમને ઘેર જઇએ, અને તેમના પતિ, સાસુ, વગેરેને ન ગમે તો? અમે 'ન ઇતઃ ન તતઃ'ની જેમ ઊભા રહ્યા. સામે જ રહેલાં તેમના ઘરના દ્વારમાંથી એક આધેડવયના પુરુષ બહાર આવ્યા. તેઓ પાસે આવ્યા એટલે અમારી સાથે જ બસમાંથી ઊતરેલાં અમારા માર્ગદર્શક બહેને તેમનો પરિચય આપતાં કહ્યું, ''મારા પતિ છે.'' અમે તેમને નમસ્કાર કર્યા. તેમણે સામા નમસ્કાર કર્યા. પત્નીએ પતિને તમિલભાષામાં કાંઇક કહ્યું. અમે સમજ્યા નહિ, પરંતુ મુખભાવ અને અંગચેષ્ટાઓ પરથી સમજ્યા કે તેઓ પોતાના પતિને અમારો પરિચય આપતાં હશે. આ સજ્જન પુરુષે નમસ્કાર કરીને મને સાવ સાચકલાં ભાવથી નિમત્રણ આપ્યું, ''આપ અમારે ઘેર પધારવાની કૃપા કરો. આપને કોઇ કષ્ટ નહિ થાય. મંદિરમાં સ્નાન, દર્શન, પૂજન માટે હું આપની સાથે આવીશ.''

હવે હા—ના કરવાનું પૂરું થયું. અમે ત્રણે મિત્રો ચૂપચાપ તેની પાછળ ચાલ્યા. દશ ડગલાં ચાલીને પહોંચાય એટલું નજીક તેમના ઘરનું દ્વાર છે. અમે ઘરમાં પ્રવેશ કર્યો. અમને બહુ આદરપૂર્વક બેઠક ખંડમાં બેસાડ્યા. એક બાર—તેર વર્ષની

કન્યા પાણી આપી ગઈ. તેમની પુત્રી હશે તેમ અમે માન્યું. થોડી જ વારમાં કહોને કે બહુ ઝડપથી ગૃહપત્ની કોફી લઈને આવ્યાં. અમે કોફી પીધી.

અમારે તો દર્શનની ઊતાવળ હતી, એટલે મેં કહ્યું, ''ભગ-વાન નટરાજનાં દર્શને જવું છે.''

ભલા ગૃહસ્વામીએ કહ્યું, ''હા, નીકળીએ જ છીએ. હું સાથે આવું છું.'' તેમણે અમને સ્નાન માટે જરૂરી વસ્ત્રો સાથે લેવાનું સૂચવ્યું. અમે તેમ કર્યું. તેમણે અમારો બધો સામાન એક નાની રૂમમાં મૂકાવ્યો, રૂમને તાળું માર્યું, અને ચાવી મને આપવા માટે હાથ લંબાવ્યો, મેં હાથ જોડીને કહ્યું, ''ચાવી મને આપવાની ન હોય. તાળું મારવાનું જ ન હોય. તમે અમારા પર વિશ્વાસ મૂકો અને અમે તમારા પર શંકા રાખીએ એ કેવું?'' આ સજ્જન અને બુદ્ધિમાન પુરુષ મારી વાતનો મર્મ તુરત પામી ગયા. ચાવી તેણે પોતાના ધર્મપત્નીને સોંપી. અમે ત્રણે યાત્રીઓ—દર્શનાર્થીઓ તેમની પાછળ પાછળ દર્શનાર્થે નીકળ્યા.

આટલી ઘટના પછી પણ અમને આ પરિવાર કોણ છે, શું છે, તેની જાણકારી મળી નથી. અમે માત્ર એટલું જ જાણ્યું કે આ સજ્જન ગૃહસ્વામીનું નામ વેંકટરમણ છે, તેનાં પત્નીનું નામ એલમ્મા છે, અને તેમની નાની દીકરીનું નામ શુભલક્ષ્મી છે.

ભગવાન નટરાજના વિશાળ મંદિરની ચારે બાજુ ગઢ જેવી મજબૂત અને ઊંચી દીવાલો છે. અમે આ ગઢ જેવી દીવાલના એક નાના દ્વારમાંથી મંદિરના પરિસરમાં પ્રવેશ કર્યો.

દ્વારની પાસે જ પાણીનો સરોવર જેવો એક વિશાળ કુંડ



છે. પાણી સ્વચ્છ છે. વેંકટરમણજીએ અમને કહ્યું, ''આ પવિત્ર કુંડ છે. અહીં સ્નાન કરીને ભગવાન નટરાજનાં દર્શન માટે જવાય છે.''

અમે વસ્ત્રો ઉતારી સ્નાન માટે કુંડના ઘણાં પગથિયાં ઊતરીને જળમાં પ્રવેશ્યા. આ ભલા વેંકટરમણજી અમારાં કપડાં સાચવતાં ઊભા રહ્યા. ઉનાળો છે, દક્ષિણ ભારતનો ઉનાળો છે. બપોરનો સમય છે. ધોમધખતા તડકામાં આ સજ્જન પુરુષ અમારી સેવા—સરભરા માટે ખડેપગે ઊભા છે. શા માટે ઊભા હશે? અમારે અને તેમને કોઈ નાતો સંબંધ તો છે નહિ. તેમનો કોઈ સ્વાર્થ પણ નથી. તેમની આટલી ભલાઈ તેમની આ સાવ સાચુકલી મદદનું કારણ શું હશે? ભલાઈ, પરોપકાર, સૌજન્ય, સહાય—આ સાત્ત્વિક સંપત્તિ છે. તેમનું કોઈ કારણ ન હોય. કારણ તો દુષ્ટતાનું હોય. સૌજન્યનું વળી કારણ શું? ખરાબ બનવા માટે કાંઈક કારણ હોય છે, સારા બનવા માટે કોઈ કારણની જરૂર નથી. સારપ તો આપણા સ્વભાવનું સહજ પરિણામ છે.

સ્નાન કરતી વખતે હું સ્નાનના મંત્રો બોલતો હતો. આપણાં આ વેંકટરમણજી મંત્ર બોલવામાં મારી સાથે જોડાયા.

**ॐ आपोहिष्ठा मयोभुवः ।**

**तान ऊर्जेदधातन महेरणाययक्षसे**

સ્નાન કરી અમે બહાર આવ્યા. વસ્ત્રો ધારણ કરી. દર્શન માટે આગળ ચાલ્યા. જેઓએ દક્ષિણના તીર્થોની યાત્રા કરી હોય તેમને દક્ષિણનાં મંદિરોની વિશાળતાનો ખ્યાલ હોય.

દક્ષિણનાં કેટલાંક મંદિરો એટલાં વિશાળ છે કે બહિ-ર્પરિક્રમા કરીએ તો કિલોમિટરથી પણ વધારે ચાલવું પડે. અમે

આવા જ એક વિશાળ મંદિરમાં ભગવાન નટરાજનાં દર્શન માટે ચાલતા હતા. મંદિરના અનેક કર્મચારીઓ અને દર્શનાર્થીઓ અમને સામા મળતા હતા. સૌ બંને હાથ જોડીને વેંકટરમણજીને, ''વણકમ્ (નમસ્કાર) સ્વામી!'' કહીને તેમનું અભિવાદન કરતા હતા. ચાલતાં ચાલતાં અનેક વીથિકાઓ પસાર કરતાં કરતાં આખરે અમે ભગવાન નટરાજના શ્રીવિગ્રહ પાસે પહોંચ્યા.

કોઇ મહાન કળાકારના અદ્ભુત દર્શન અને વિરલ કલાકારિતાનું અહીં પરિણામ છે. આ મૂર્તિ ભગવાન શિવનું નટરાજ સ્વરૂપ છે. સમગ્ર બ્રહ્માંડ ભગવાન શિવના નૃત્યમાંથી અભિવ્યક્ત થાય છે, નૃત્ય સ્વરૂપ છે, અને આખરે નૃત્યમાં વિલીન થાય છે. આ સૂક્ષ્મ દર્શનને આધારે આ જગપ્રસિદ્ધ મૂર્તિનું વિધાન થયું છે. શિવજીના હાથપગની ભંગિમા, તેમના મુખનો તાંડવ—ભાવ અને તેમની જટાનું ઉદ્દંડ વિહરણ જોઇને ઘડીભર તો એમ લાગે છે કે જાણે મૂર્તિ હમણાં જ અંગભંગી બદલશે.

અમારા માર્ગદર્શક, સહાયક અને યજમાન વેંકટરમણજીએ અમને સમજાવ્યું કે સામાન્ય લોકો આ મંદિરને નટરાજનું મંદિર ગણે છે, નટરાજને અહીંના પ્રધાન દેવ માનવામાં આવે છે, પરંતુ સત્ય હકીકત જુદી જ છે. આ મંદિર શિવજીના આકાશલિંગનું મંદિર છે, અને તે સ્વરૂપ જ આ મંદિરના પ્રધાન દેવતા છે. પરંતુ મંદિરમાં ક્યાંય શિવલિંગનાં દર્શન તો થતાં નથી. અહીં આકાશલિંગ છે. આકાશ તો અવકાશ છે. પૃથ્વીતત્ત્વના લિંગની જેમ આકાશતત્ત્વનું લિંગ ઘડી શકાય નહિ, તેનાં દર્શન પણ કરી શકાય છે. એક ખાલી સ્થાન—



અવકાશ છે, અને તે સ્થાનમાં આકાશલિંગ સ્વરૂપે ભગવાન શિવ બિરાજમાન છે, તેમ પૂજારીઓ કહે છે. ભક્તો સ્વીકારે છે, શ્રદ્ધા રાખે છે, અને પ્રણામ કરે છે. આ સ્થાનને સૂચિત કરવા માટે તે સ્થાન પર એક પુષ્પમાળા લટકતી રાખવામાં આવેલ છે. જેનું કોઇ સ્વરૂપ નથી. તેવા આકાશલિંગની પૂજા કેમ કરવી? આમ હોવાથી અહીં શિવજીના નટરાજ સ્વરૂપની પ્રતિષ્ઠા થઇ છે, અને તે સ્વરૂપનાં દર્શન, પૂજન આદિ થાય છે. અમે પણ શ્રીવેંકટરમણજી અને પૂજારીઓના માર્ગદર્શન પ્રમાણે તેમ જ કર્યું.

વેંકટરમણજીએ અમને એમ પણ બતાવ્યું કે આ મંદિરમાં માત્ર નટરાજ જ નથી, પરંતુ ગોવિંદરાજ (શ્રીકૃષ્ણ) પણ છે. અમે તેમના ગર્ભગૃહ સમક્ષ ગયા અને દર્શન કર્યાં.

મંદિરમાં આશરે દોઢેક કલાક ગાળીને અમે વેંકટરમણજીના માર્ગદર્શન પ્રમાણે, તેમની સાથે તેમને ઘેર પાછા આવ્યા.

અમારી ગણતરી એવી હતી કે હવે અમે વેંકટરમણજીને ઘેરથી અમારો સામાન લઇને બસદ્વારા પોંડીચેરી જવા રવાના થશું. અમે તેમને ઘેર પહોંચ્યા. બારણામાં એલમ્મા અને તેમની નાની દીકરી શુભલક્ષ્મી ઊભાં છે—અમારી વાટ જોઇને! જાણે કોઇ જનમ જનમના સ્નેહી—સંબંધીની કે કોઇ માનનીય મહેમાનની વાટ જોઇએ તેમ! અમે અંદર પ્રવેશ કર્યો. હાથ જોડીને એલમ્માએ અમને પ્રાર્થના કરી, ''હવે આપ સૌ જમવા પધારો.'' અમે જોઇ રહ્યા છીએ કે આ વેંકટરમણ અને આ એલમ્માની ભલાઇના વૃક્ષને નવી નવી ડાળીઓ ફૂટ્યા જ કરે છે.

વેંકટરમણજી અમને ભોજનખંડમાં દોરી ગયા, દક્ષિણી

ઢબનું આલિશાન મકાન છે. મકાનની વચ્ચે ચોક અને ચારેબાજુ ઓરડા છે. અમે એક પછી એક ઓરડાઓમાંથી પસાર થતાં ભોજનખંડમાં પ્રવેશ્યા. સ્નાન તો હમણાં કર્યું છે, મંદિરમાંથી સીધા જ આવીએ છીએ, એટલે ભોજન પહેલાં અન્ય કોઇ વિધિ હવે આવશ્યક નથી તેથી અમને સીધા જ ભોજનખંડમાં દોરી જવામાં આવ્યા.

ભોજનખંડમાં ચાર સુંદર આસનો પાથરેલાં છે. થાળી, વાટકા, ચમચી, જળપાત્ર, બધું સુંદર અને વ્યવસ્થિત રીતે ગોઠવેલું છે. અમે ભોજનાસન પર બેઠા.

એલમ્મા અને શુભલક્ષ્મીએ પીરસવાનો પ્રારંભ કર્યો. ભાત—જુદી જુદી ત્રણ રીતે બનાવેલો ભાત—ચાર જાતના શાક, રસમ્, સાંભર, ચટણી—ત્રણ પ્રકારની, પાયસમ્ (ખીર) પૂરીઓ ઘીમાં તળેલી, શીરો—સૂકો મેવો ભેળવેલો, ત્રણ પ્રકારનાં દક્ષિણી ફરસાણ છે—અમને આની ખબર નથી. એલમ્મા અને સુભલક્ષ્મીએ અમારી સમક્ષ અન્નકૂટ રચ્યો છે કે શું? ભોજન કરતાં કરતાં મેં વેંકટરમણજીને પૂછ્યું, ‘‘આજે આપને ત્યાં કોઇ વિશેષ પ્રસંગ છે?’’

તેમણે સ્મિતપૂર્વક જવાબ આપ્યો, ‘‘હા! આજે અમારે ત્યાં બહુ મોટો પ્રસંગ છે.’’

મેં ઉત્સુકતા દર્શાવી, ‘‘શો?’’

તેમણે ફોડ પાડ્યો, ‘‘આપ અમારે આંગણે પધાર્યા, તે કાંઇ નાનો સૂનો પ્રસંગ છે?’’

આ વેંકટરમણજી, આ અન્નપૂર્ણા જેવાં એલમ્મા અને આ તેમની નાનકડી દેવી શુભલક્ષ્મી—આ આખા પરિવારની ભલાઇ, સૌજન્ય અને આતિથ્ય ભાવનાના ભારથી અમે સાવ



ચગદાઇ ગયા છીએ.

ભોજન પછી અમારા હાથમોં ધોવડાવ્યાં, હાથમોં લૂંછવા માટે નેપકીન આપ્યા. બેઠકખંડમાં બેઠા. મુખવાસ લીધો. થોડી વાતો પરથી અમે જાણ્યું કે વેંકટરમણજી ઉચ્ચકક્ષાના આઇ.એ.એસ. ઓફિસર છે. કેન્દ્ર સરકારના કર્મચારી છે. કેન્દ્રીય સચિવાલય, દિલ્હીમાં તેઓ જવાબદારી સંભાળે છે. ચિદમ્બરમ્ તેમનું મૂળ વતન છે. બે ત્રણ વર્ષે એકવાર અહીં થોડો સમય રહેવા માટે આવે છે. થોડીવાર પછી તેમણે કહ્યું,

‘‘પોંડીચેરી જવાની બસો તો આપને રાતસુધી મળ્યા કરશે. અહીં અમારા ઘરમાં પૂરતી વ્યવસ્થા છે. આપ અત્યારે આરામ કરો. ઢળતી સાંજે નીકળજો. અથવા આપને અનુકૂળ હોય તો અહીં રાત્રિ નિવાસ કરો. તીર્થસ્થાનમાં રાત્રિ-નિવાસનો મહિમા છે, અને ચિદમ્બરમ્ તીર્થસ્થાન તો છે જ!’’

આ સજ્જન પુરુષની ભલાઇનો પાર નથી, અને તેમની સચ્ચાઇ શંકાતીત છે, પરંતુ ઉપકારનો આથી વધુ ભાર સહેવાની અમારી શક્તિ નથી. એલમ્મા અને શુભલક્ષ્મીનું ભોજન પણ હજુ બાકી લાગે છે. અમે હાથ જોડી, વિનવણી કરીને રજા માગી, અને તેમણે પણ કહ્યું,

‘‘ભલે, જેવી આપની અનુકૂળતા.’’

થોડીવાર પછી બોલ્યા, ‘‘પોંડીચેરીની બસ હમણાં જ આવવી જોઇએ.’’

અમે સામાન લઇ બહાર નીકળ્યા. આ ભલા પરિવારનો આભાર કેમ માનવો તે મને સમજાતું નથી, પણ આવડત પ્રમાણે ખૂબ આભાર માન્યો, આનંદ વ્યક્ત કર્યો. અમારો ઘણો સામાન ત્રણેએ મળીને ઊંચકી લીધો. ઘરની સામે જ તો

બસ થોભે છે. પોંડીચેરીની બસ આવે છે, તેમ શુભલક્ષ્મીએ કહ્યું.

વેંકટરમણજીએ કહ્યું, ''આપ અમારે ઘેર આવ્યા, તેનો અમને આનંદ છે. અમે આપના આભારી છીએ.''

એલમ્માએ બંને હાથની વચ્ચે પાલવ રાખી, બંને હાથ જોડીને કહ્યું, ''આપની સેવામાં કાંઇ ખામી રહી હોય તો ક્ષમા કરજો.''

અને શુભલક્ષ્મી માત્ર શરમાળ સ્મિતપૂર્વક પોતાના માતા-પિતાના વિધાનોમાં પોતાની સંમતિ સૂચવે છે.

અમે સૌ—અમે ત્રણે ઉપકારવશ દિગ્મૂઢ જેવા બની ગયા છીએ.

બસ આવી. અમે પ્રણામ કરી તેમનો ફરી ફરી આભાર માન્યો. બસમાં બેઠા. બસ ઉપડી. ત્રણેએ હાથ લંબાવી, હાથ હલાવી અમને વિદાય આપી. મેં બંને બાજુ પ્રણામ કર્યા. જમણીબાજુ ભગવાન નટરાજને અને ડાબી બાજુ વેંકટ-રમણજીને, એલમ્માને, શુભલક્ષ્મીને! તેમની ભલાઇને! તેમના સૌજન્યને! તેમના આતિથેયને!



# શ્રી દશરથયાત્રા—પૂ. શ્રી યોગેશ્વરજીની તપોભૂમિની યાત્રા

ડૉ. બી. જે. જાગાણી

શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે બારેય માસમાં માગશર માસ હું છું. માગશર માસ સામાન્ય રીતે ડીસેમ્બર માસમાં આવે છે. પૂ. શ્રી મા પણ ૨૦૦૩ થી ડીસેમ્બર માસમાં પોતાની દૈવી શક્તિ ભક્તોના મંગલ માટે પ્રચ્છન્ન રીતે છૂટથી વહાવે છે એવું છેલ્લા કેટલાંક વર્ષોના પ્રત્યક્ષ અનુભવે સમજાયું છે. કર્પૂરવનમાં સંનિધિપર્વ, સરોડા-થી સ્વર્ગારોહણની પદયાત્રા, અમદાવાદથી સાઇકલયાત્રા, પ્રકાશનપર્વની ઉજવણી અને તા. ૨૬—૧૨—૨૦૦૭ થી ૧—૧—૨૦૦૮ દરમિયાન શ્રી દશરથયાત્રાનું આયોજન થયું ને પૂ. શ્રી માની દૈવી શક્તિથી યાત્રા સફળ રહી.

શ્રી દશરથયાત્રા શ્રી યોગેશ્વર પરિવારના ભક્તો માટે ઘણી જ મહત્ત્વની ને આધ્યાત્મિક જગતમાં ભક્તોને પ્રવેશ કરાવનારી છે. પૂ. શ્રી યોગેશ્વરજીએ ૧૯૪૩ માં માગશર માસમાં હિમાલય પર્વતની શૃંખલાના આ શ્રી દશરથ પર્વત પર એકાંતવાસ કરીને સાધનાનાં શિખરો સર કર્યા હતાં. શ્રી શંકરાચાર્ય રચિત શ્રી વિવેકચૂડામણિ ગ્રંથમાં એક શ્લોકનું વર્ણન આવે છે કે ભગવાન અંગે પૂર્ણ માહિતી મેળવ્યા પછી, તેના સ્વરૂપ અંગે ચોક્કસ નિષ્ઠા થયા પછી સાધકે એકાંત વાસ કરી તે સ્વરૂપ પર એકાગ્ર થવું જોઇએ અને તેમ કરવાથી નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થાય છે. આ એક સિદ્ધાંત

છે. એને સાર્થક કરવા પૂ. શ્રી દશરથ પર્વત પર ગયા. બે ત્રણ દિવસમાં જ ૧૫ મિનિટ સુધીની નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થઇ. પછી તો કલાકો સુધીની આવી અવસ્થા રહેવા લાગી.

શ્રી દશરથ પર્વત પર પવન વૃક્ષોમાંથી પસાર થાય ત્યારે એક પ્રકારનો ધ્વનિ ઉત્પન્ન થાય છે. આ ધ્વનિ બહારનો છે. નાદાનુસંધાનમાં તો અંતઃકરણમાંથી તે ઉત્પન્ન થાય છે. આ બંને ધ્વનિની અનુભૂતિ અહીં સહજ રીતે થાય છે.

પૂ. શ્રીને શ્રી ભગવાન રામ, શ્રીશંકર ભગવાન, શ્રીતૈલંગ સ્વામીના અહીં દર્શનો થયેલાં. ઉપરાંત દરરોજ જે માળા કરતા હતા તે માળા આ પર્વત પર ગૂમ થયેલી. ગાયત્રીનો ટૂંકો મંત્ર સંકીર્તન સાથે ગાતી સિદ્ધિ પુરુષોની મંડળીનાં દર્શનો થયેલાં. આટલી અનુભૂતિઓ આ પર્વત પર થયેલી અને ભક્તોએ તેને ‘પ્રકાશના પંથે’ ગ્રંથમાં વાંચેલી. અરે! દરરોજ ગવાતી શ્રી ગુરુબાવનીમાં ‘દર્શન દશરથ પર પામ્યા, સંકટ સઘળાંએ વામ્યાં’ પંક્તિનો ઘોષ કર્ણમાં સંભળાતો પણ તે સ્થાનનું પ્રત્યક્ષ દર્શન બહુ ઓછાને થયેલું.

પૂ. શ્રી મા આધ્યાત્મિક દુનિયાના પડકારોને સાહસવીરની પેઠે વધાવનારાં સંત છે. એટલું જ નહીં પોતાને થયેલી અનુભૂતિઓ ભક્તો પણ માણે. પૂ. શ્રીએ જે સ્થાનો પર તપ કર્યું તે બધાં તીર્થસ્થાનો છે માટે તેની યાત્રા કરવી જોઇએ. પછી ભલેને તે સ્થાનોના દર્શન દુર્ગમ ને કઠિન હોય!

વર્ષ ૨૦૦૭ માં પૂ. શ્રી મા વિદેશમાં હતાં. શ્રી ધર્મેશભાઇના ઘરે પૂ. શ્રી માએ ભક્તોને પૂછ્યું શ્રી દશરથયાત્રા કોને કરવી છે? ભક્તોએ ઊંચી આંગળી કરીને સંમતિ આપી.



બસ! આ સંમતિને પૂ. શ્રી માની દિવ્ય શક્તિએ વધાવી લીધી ને તેને મૂર્તિમંત કરવા પ્રયાસો શરૂ થયા ને તે વચનોને સત્યના શણગાર મળ્યા. પૂ. શ્રી માએ વિદેશના ૩૭ ભાઇઓ–બહેનોને પસંદ કર્યાં. ૩૨ ભક્તો ભારતમાંથી પસંદ કર્યા. ૬૯ ભક્તોની આ યાત્રા શરૂ થઇ. તા. ૨૬ ડીસેમ્બર–૨૦૦૭ ના રોજ ૧૧–૩૦ કલાકે સ્વર્ગારોહણ અંબાજીથી ને પૂર્ણ થઇ તા. ૧–૧–૨૦૦૮ ના રોજ રાત્રે ૧૧–૦૦ કલાકે. આ દિવસો માત્ર હતા સાત. પણ પૂ. શ્રી માની અસીમ કૃપા અનંતધારે સૌ ભક્તોપર અનંત જન્મોની સૂકી ધરતી પર વરસી ને તલસતી ધરતીને આધ્યાત્મિક જગતની ફલશ્રુતિ વિવિધ ફળો સમા–શાંતિ, આનંદ, પ્રસન્નતા, પ્રેમ, શરણાગતિ, ભાવ, ભક્તિ, સંકીર્તન ને સખ્યથી લથબથ કરી દીધા.

પૂ. શ્રી મા તો અંબાજીના સ્વર્ગારોહણમાં હતાં પણ મનથી, ભાવથી, હૃદયથી અરે પોતાના સમગ્ર ચૈતન્યથી ભક્તોની સાથે જ હતાં. સાબિતીરૂપે કેટલીક અનુભૂતિઓ અહીં રજૂ કરતાં તે પ્રસાદની વહેંચણીનો આનંદ થાય છે.

યાત્રાના પ્રારંભે સ્વર્ગારોહણમાં યાત્રિકોને પૂ. શ્રી મા પ્રસાદની કિટ, ગળામાં પહેરવાનું કાર્ડ, ટોપી, અને પૂ. શ્રી માના સ્વરૂપનો બેજ આપે છે. તે બેજ સૌ પોતાના વસ્ત્ર પર પીનથી લટકાવે છે. ભોજન તૈયાર છે પણ યાત્રાની ટ્રેઇન પકડવાની ઉતાવળમાં કોઇ ભોજન કરતા નથી. જ્યારથી પૂ. શ્રી માના હસમુખા સ્વરૂપનો આ બેજ વસ્ત્ર પર બીરાજમાન થયો ત્યારથી ૬૯ ભક્તોના મન એક થયાં, એક જ લક્ષ્ય શ્રી દશરથયાત્રાનું, એક જ સંગીત–મા પ્રત્યેના ગુણાનુવાદ ગાવાનું, એક જ ભાવ સતત મા–પ્રભુના ચરણકમળમાં

સમાવાનો, એક જ ઉમંગ એકમેકમાં સમાઇને પ્રેમભીના થવાનો, એક જ ઉપાસના મા—પ્રભુના નામસ્મરણની. પછી ભલે ટ્રેઇનનું પ્લેટફોર્મ હોય કે ટ્રેઇનનો કૉચ, યાત્રાના નિવાસની હોટલ હોય કે યાત્રાની વિકટ પગદંડી, રાત્રિ હોય કે દિવસ, સવાર હોય કે સાંજ બસ! એક જ મસ્તી મા—પ્રભુના થવાની. સાત દિવસમાં કોને શું મળ્યું તે શબ્દોથી ના વર્ણવી શકે પણ એટલું કહી શકે કે મીઠાની પુતળી માપવા ગઇ હતી સમંદરની ઊંડાઇ અને તેમાં જ ઓગળી ગઇ, પાછી જ ના આવી. એવી રીતે ભક્તોનાં હ્રદય પણ મા—પ્રભુના હ્રદયમાં ભળી ગયાં ને ઓગળી ગયાં.

હરિદ્વાર પહોંચ્યા. ત્યાંથી દેવપ્રયાગ ગયા. રાત્રિ રોકાણ સગવડતા ભરી હોટલમાં થયું. વહેલી સવારે શ્રી દશરથ-પર્વતની પગયાત્રા શરૂ થઇ. શિયાળાની ઠંડી હતી. પણ ભક્તોના હ્રદયમાં પ્રેમની ઉષ્મા હતી, રસ્તો સાંકડો હતો. પૂ. શ્રી મા—પ્રભુ વિશાળ પદ્મોથી અપ્રગટ સ્વરૂપથી કંડારતાં હતાં, અંધારું જરૂર હતું પણ આકાશમાં ચંદ્રમા તેજ ધરી રહ્યો હતો એટલે પૂરતું અંજવાળું પગદંડી પર હતું. વિદેશના એક ભક્ત બોલી ઊઠ્યા, 'અરે! ચંદ્રમાનું મહત્ત્વ શ્રી દશરથ પર સમજાયું' આ જ વાસ્તવિકતા શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાતાના ૧૫ મા અધ્યાયમાં રજૂ કરી છે કે સૂર્ય—ચંદ્રનું તેજ પણ હું છું. એ જ ચંદ્રમા અમને તેજ ધરી રહ્યા હતા.

૬૯ ભક્તો એક જ લાઇનમાં મૌન ધારણ કરીને ચાલે છે. મનમાં મા—પ્રભુના જપ ચાલુ છે. ૧૭ થી ૬૯ વર્ષના ભક્તો મા—પ્રભુના બળે સવારના ૪—૩૦ કલાકે યાત્રા શરૂ કરી અને ૧૧—૩૦ કલાકે શ્રી દશરથ પર્વત પર પહોંચી



ગયા. વચ્ચે વચ્ચે હિમાચ્છાદિત પર્વતો જોવાનું કોઇ ચૂક્યા નહીં. ઝડપથી પહોંચ્યા તો આ યાત્રાના કેટલાક અનુભવી ભક્તો એવું બોલી ઊઠ્યા કે આ વખતે મા—પ્રભુએ પર્વતની ઊંચાઇ ઘટાડી હોય તેમ લાગે છે. કહો કે કોઇને થાક જ ના લાગ્યો.

એ ટોચ પર પણ પૂ. શ્રી મા મોબાઇલ ફોનદ્વારા સૌ ભક્તોને સંનિધિ ધરતાં હતાં. સવાર હોય કે સાંજ, મધ્યરાત્રિ હોય કે વહેલી સવાર. પૂ. શ્રી મા ફોન પર પ્રેમ અને આશીર્વાદ વરસાવતાં હતાં. પૂ. શ્રી માએ આ સાત દિવસમાં ભાગ્યે જ સાત કલાકનો વિશ્રામ લીધો હશે. પૂ. શ્રી માએ આ પર્વતની યાત્રા વર્ષો પહેલાં ખુલ્લા પગે, મે માસની ગરમીમાં, અણીવાળા પથ્થરો પર, સતત બે નિર્જળા સાથે થોડાંક ભક્તોની સાથે કરેલી. વળી પદ પણ રચેલું. 'અમે પીધા આનંદના જામ.' એ પદનું ગાન જયુબેન ને બીજલબેને સમૂહમાં કરાવ્યું. શ્રી દશરથ પર્વત પર વાતાવરણ ભક્તિમય થઇ ગયું. બધાએ ઝરણા સુધી યાત્રા કરી. આ ઝરણામાંથી બહુ થોડું પાણી ટપકે છે. પ્રભુની લીલા તો જુઓ! ૭૦૦૦ ફૂટની ઊંચાઇએ પીવાના પાણીની વ્યવસ્થા ઝરણા સ્વરૂપે કરી છે. આ એ જ ઝરણું છે જે ઝરણાએ ૧૯૪૩ માં પૂ. શ્રીની તૃષા છીપાવી છે, ને શાતા ધરી છે. સૌ ભક્તોએ તેનું પાન પ્રેમપૂર્વક કર્યું ને વંદન કર્યાં.

યાત્રિકોએ વિજયનો ઘોષ મોબાઇલ પર પૂ. શ્રી માને સંભળાવ્યો. શ્રી દશરથપર્વતના દર્શનને નાનકડી કીકીમાં કંડારી, ચિત્તમાં સ્મૃતિને ભરી, હ્રદયમાં મા—પ્રભુના દિવ્ય-ભાવને ધારણ કરી, પ્રત્યક્ષ સ્વરૂપે ગ્રુપ ફોટો લઇને પર્વતની

ચઢાઇ ઉતરવાનું ૧૨–૪૫ કલાકે શરૂ કર્યું.

સતત ઉતરતાં જવાનું. યુવાનો તો હરિફાઇ કરતાં કરતાં સડસડાટ ઉતરવા લાગ્યા. શો આનંદ! સંકીર્તન થાય, મનમાં જપ થાય, પ્રાર્થના થાય જે કંઇક પ્રાપ્તિનો સતત અહેસાસ થાય. પ્રગટ પરમાત્મ સ્વરૂપ પૂ. શ્રી માનો સતત પ્રેરણાદાયી મોબાઇલ ફોન પરનો સંદેશ તો ખરો જ. સપ્રેમ સૌ સાંજના ૫–૦૦ કલાકે પર્વત ઉતરી ગયા.

અમે જ્યારે ઉતર્યા ત્યારે એક બસમાં ૧૫ સાધકો બેઠા હતા. બીજા સાધકો આવે તો બસ ભરાય ને હોટલ પર પહોંચે એવી આશા હતી. ભક્તોના મનની વાત પૂ. શ્રી મા સ્વર્ગારોહણમાં સાંભળે છે. અમારા પર ફોન આવે છે.

મા : કેટલા સાધકો ઉતરી ગયા?

જાગાણી : ૧૫.

મા : બધાને હોટલ પર જવું છે?

જાગાણી : બસ ભરાય પછી જઇએ.

મા : ૧૫ મિનિટ રાહ જુઓ.

૧૫ મિનિટ થઇ એટલામાં બીજા સાધકો ઉતરી ગયા. પ્રથમ બસમાં ૩૭ સાધકો થઇ ગયા. બસ ભરાઇ ગઇ. પૂ. શ્રી મા દૂરદર્શન કરીને, પર્વતની જંગલની ઝાડીમાંથી કોણ ક્યારે ઉતરી જશે તેની ચોક્કસ માહિતી આપતાં હતાં. આ હતી પૂ. શ્રી માની દિવ્ય શક્તિનું દર્શન.

બે ભક્તોની તો શ્રદ્ધા કેવી? વિદેશના શ્રી ગજેન્દ્રભાઇને તેનો પુત્ર શ્રી ઉજ્જવલ તો નિર્જળાવ્રત કરીને પર્વત પર ચઢ્યા ને ઉતર્યા. તેઓને પૂછ્યું કે થાક લાગ્યો? તો કહે ના! પૂ. શ્રી માએ જ શક્તિ ધરી. આટલો આટલો પરિશ્રમ હતો છતાં



પણ ન થાક, ન કંટાળો. પૂ. શ્રી માનો એક જ ફોન આવે એટલે સૌના મુખડાં ખીલી ઊઠતાં, એ દશ્ય જોવાનો લ્હાવો પણ મળ્યો. ભક્ત–ભગવાનનું સખ્ય–ઐક્ય કેવું હોય તેનું વર્ણન તો શાસ્ત્રોમાં, પુરાણોમાં વાંચ્યું–સાંભળ્યું છે પણ અહીં તો પ્રત્યક્ષ માણ્યું, જાણ્યું ને પચાવ્યું.

વળતાની ટિકિટ એ.સી.કોચમાં ૨૨ યાત્રિકોને મળે તો યાત્રામાં સંઘનું સ્વરૂપ જળવાઇ રહે ને સલામતી પણ રહે. પૂ. શ્રી માને અમે ને શ્રી વિજયભાઇ કનેરિયાએ પ્રાર્થના કરી. પહોંચ્યા ઉતરાંચલ ટ્રાવેલ્સની ઓફિસે. ૨૨ ટિકિટ જ ‘તત્કાલ’માં મળી. પૂ. માની કેવી કૃપા! રસ્તામાં નાનકડી ચિંતા આવે તો તત્કાલ ઉકેલ. જાણે ‘ચિંતા એને ચરણે સોંપી ચિંતન કરી લે પ્યારે’ પૂ. શ્રી માએ રચેલી સ્તુતિની આ કંડિકા જીવંત બનીને અમને સુવિધા ધરતી હતી.

એક વિદેશનાં બહેન–રોશની હરિદ્વારમાં ગંગા આરતી પછી યાત્રિકોથી છૂટાં પડી ગયાં. તેમની પાસે સરનામું નહીં, હિન્દી ભાષાની આવડત પણ નહીં. માત્ર માનો ભરોસો. અમે ને શ્રી વિજયભાઇએ પૂ. શ્રી માનું સ્મરણ કર્યું. ગંગામાતાને એક એક પ્રણામ કર્યાં. હે મા! રોશની મળી જાય તેમ કરો. એવી પ્રાર્થના કરી. ફોન આવ્યો. રોશની મળી ગઇ. શ્રી હેમલભાઇને અને અમને ખૂબ હાશ થઇ. ‘સઘળી બાજી એ સંભાળે અનુભવ સુણી લે ધ્યાને’ આ કંડીકાએ પૂ. શ્રી માની દિવ્યશક્તિનો અનુભવ કરાવી દીધો.

ડીસેમ્બર–૭ ની ૩૦ મી તારીખે શ્રી દીપકભાઇ મહેતાએ પોતાના જન્મદિવસ નિમિત્તે ભક્તોને ભોજન કરાવ્યું. શ્રી દશરથ પર્વતની યાત્રાની સુખદ અનુભૂતિઓ વર્ણવવામાં

હોટલના પરિસરમાં જ રાત્રીના બાર વાગી ગયા. હરિદ્વારમાં આવા સમયે રીક્ષા પણ ના મળે. ઉતારા સુધી આવવું શી રીતે? શ્રી હેમલભાઇ કહે કે ચાલીને જવું પડશે. શ્રી ગજેન્દ્રભાઇ કહે કે પૂ. શ્રી માને પ્રાર્થના કરીએ કે કંઇક કરે. એટલું બોલાયું ત્યાં તો ઉત્તરપ્રદેશ પરિવહનની સાવ ખાલી બસ હોટલ પાસે આવી ઊભી રહી. ભક્તો બેસી ગયા. બસમાં જ 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ કાર્ય અમારું સફળ કર્યું' પ્રાર્થના ગાઇ. પૂ. શ્રી માએ આભાર વ્યક્ત કરવાની પ્રાર્થનારૂપી સ્તુતિ વર્ષો પહેલાં રચેલી છે. એ અમોઘ છે એવું સૌ ભક્તો અનુભવે છે. 'હાક મારે તો દોડી આવે' એવું સતત અનુભવાય છે.

હરિદ્વારમાં ગંગાપૂજન તા. ૩૧–૧૨–૨૦૦૭ ના રોજ સવારે ૧૦ થી ૧૨–૩૦ સુધી થયું. શ્રી સ્નેહલભાઇ યાત્રાના વ્યવસ્થાપક છે. પણ અત્યારે પંડિતજીના સ્વાંગમાં છે. શ્રી ગંગામાતાનું પૂજન ભાવથી કરાવ્યું. શ્રી રાજુભાઇ ભાવસારે ગુજરાતી ભાષાનું વિદેશના ભક્તોને સમજાય તેવી રીતે અંગ્રેજી ભાષામાં મનનીય ભાષાંતર કર્યું. વાતાવરણ ભાવ-વાહી થઇ ગયું. પૂ. શ્રી માએ શ્રી ગંગામાતાના પૂજન માટે સ્વર્ગારોહણમાં જ ૫૧ પ્રણામ પુષ્પોની રચના કરી. તે સ્નેહલભાઇ અને બીજા ભક્તો ગાઇ સંભળાવતા ગયા ને અન્યો પ્રણામ કરતા ગયા.

સવારની ખૂબ જ ઠંડી, વળી હાડ ગાળનારો તીણો પવન છતાં ગંગાસ્નાન કરવાનું. સૌને બીક લાગે. સ્નાનની પળ આવી ૧૨.૪૫ કલાકે બપોરે વાતાવરણમાં પવન બીલકુલ નહીં ને સૂર્યનો મીઠો તાપ લાગ્યો. ભક્તોએ સ્નાન કર્યું



પ્રેમથી. અરે! એક વખત ડૂબકી મારીને છટકીને બહાર નીકળી જવાનું નહીં પણ વારંવાર ડૂબકી મારીને, અંજલિ આપીને, પ્રાર્થના કરીને, પ્રણામ કરીને, નિરાંતે સ્નાન કર્યું. જાણે શરીરમાં નવી ચેતના આવી, નવો ઉમંગ ને નવો જુસ્સો, નવી આધ્યાત્મિક શક્તિ સંચરી.

તા. ૩૧–૧૨–૨૦૦૭ નો દિવસ ખ્રિસ્તીધર્મ પ્રમાણે વર્ષનો છેલ્લો દિવસ. વિદેશમાં તો આ દિવસની ઉજવણી પાછળ કેટલાંય વ્યસનો બંધાય, લક્ષ્મીનો દુરુપયોગ થાય ને શરીરનો તો ખરો જ. શ્રી ધર્મેશભાઇ જેવા ભક્તએ આ યાત્રાને આધ્યાત્મિક રીતે સૌનું ઉર્ધ્વીકરણ કરનારી છે તેમ જણાવ્યું.

બસ, હવે ૩–૧૫ કલાકે આબુરોડ જવા ટ્રેઇન પકડવાની હતી. ૬૯ યાત્રિકો ને ૨૫૦ જેટલી બેગનો સામાન. બે મોટી જીપ જેટલો સામાન હોટલ પરથી પ્લેટફોર્મ લાવવાનો. તે પણ સમયસર કપરું કામ. વિદેશના અજાણ્યા ભક્તો પણ ખરા. સૌના શરીરમાં પૂ. શ્રી માએ કેવું બળ મૂક્યું ને સમયને સાચવ્યો. યુદ્ધના ધોરણે ટ્રેઇનના કૉચમાં સામાન ગોઠવાયો, ભક્તો પણ ગોઠવાયા. ન કોઇનો સામાન ગૂમ થયો, ભૂલાયો, તૂટ્યો કે ફૂટ્યો. કારણ કે પ્રત્યેક સૂટકેસ કે બેગ પર પૂ. શ્રી માએ આપેલ રક્ષાનું ટેગ બાંધ્યું હતું. સૌને પોતાના સામાન મળ્યાનો સંતોષ ને સારી સીટ મળ્યાનો આનંદ. વળી પ્રભુનો આભાર માનતી પ્રાર્થનાનું સમૂહગાન. સ્વર્ગારોહણની પ્રત્યેક પ્રાર્થના, બાવની, મંગલગાન ને સત્સંગ નિયમિત થતાં રહ્યાં.

ટ્રેઇનના એટેન્ડેન્ટ પણ આ ભાવવાહી જગતમાં ભળી

ગયા. તેઓએ એવી સરસ સેવા કરી કે પૂ. શ્રી માએ તેમના માટે આબુરોડ પર પ્રસાદ મોકલ્યો. તેણે કહ્યું કે કોઇનો સામાન રહી ગયો હશે તો ઘેર મોકલી આપીશ. અજાણ્યા માણસના હૃદયમાં ૨૦ કલાક સુધી યાત્રામાં ટ્રેઇનના કૉચમાં આવા પવિત્ર ભાવ પૂ. શ્રી મા વિના કોણ વહાવી શકે?

આ યાત્રા તો શ્રી દશરથપર્વતની હતી. પણ સાથે સાથે ભાવ જગતના વિસ્તારની હતી. પર્વત પરથી ઉતરતા યાત્રિકોને દશ્યો જોવા મળતાં. સ્થાનિક બહેનો ઘાસ કાપીને વજનદાર ઘાસના ભારા ઊંચકીને ઝડપથી ઉતરી રહી હતી. કેવી કઠીનાઇ! શ્રી પુષ્પાબેને આ દશ્ય જોયું. બોલી ઊઠ્યાં. હે મા! આ બેનનો ભાર ઉતારી લો. એને પણ અમને જે સુખ મળ્યું છે તેવું સુખ ધરો. શ્રી દશરથપર્વતની યાત્રાનું પુણ્ય જાણે તેના મુખમાંથી પ્રાર્થના સ્વરૂપે નીકળી પડ્યું ને વિશ્વમાં અભાવગ્રસ્તોનાં મંગલ માટે વહેંચાતું રહ્યું.

તા. ૧—૧—૨૦૦૮ ના રોજ આબુ રોડ સ્ટેશન આવ્યું. પ્લેટફોર્મ પર શ્રી જગુભાઇ, શ્રી દીપુ, શ્રી દિવ્યેશ, શ્રી દિલીપભાઇ, શ્રી જે. કે. ને સ્વર્ગારોહણની બાળગોપાળની મંડળી ઢોલ, શરણાઈથી સ્વાગત માટે તૈયાર હતી. પ્લેટફોર્મ પર જ મંત્રગાન, ગરબા ને પ્રાર્થના. ટ્રેઇનના પેસેન્જરો, પ્લેટફોર્મ પરના યાત્રિકો આ દશ્ય માણી રહ્યા. યાત્રિકોને આઈસ્ક્રીમ પણ અપાય છે.

હવે સ્વર્ગારોહણમાં પ્રવેશ થયો. ફટાકડા ફોડાય છે, યાત્રિકોના મસ્તકે તીલક થાય છે, ફૂલ અપાય છે, સાકર ને પ્રસાદ અપાય છે, ઘંટનાદ થાય છે, શણગાર સજેલું સ્વર્ગારોહણ જોવા મળે છે. પૂ. શ્રી માના મુખમંડળ પર આનંદ



સમાતો નથી. વચ્ચે પૂ. શ્રી મા એક સાદી ખુરશી પર બીરાજમાન છે. ભક્તો ગરબા લે છે, સંકીર્તન કરે છે. 'અમે પીધા આનંદના જામ રે' પદ ગવાય છે. પૂ. શ્રી મા કહે છે કે તમે બધા પ્રસન્ન છો એટલે સૌએ ખરેખર આનંદના જામ પીધા લાગે છે.

ભક્તોનો ભાવ હવે શમે છે. સ્નાન માટે ગરમ પાણી તૈયાર છે. સાંજના ચાર થવા આવ્યા છે. ભક્તો સ્નાન કરે છે. સ્નાન પછી પૂ. શ્રી માએ ભક્તોની ઇચ્છાને અનુરૂપ તૈયાર કરાવેલું ઊંધીયું, રતાળુંની પૂરી, સાદી પૂરી, કઢી, ભાત, સલાડ, પાપડ, જલેબી, સાલમપાકનું ભોજન સૌ ભક્તો આરોગે છે. પૂ. શ્રી માને તો સતત બે નિર્જળા ને સાત દિવસનો પરિશ્રમ છે.

હવે સાંજે ૬—૦૦ કલાકે બેઠક શરૂ થાય છે. યાત્રિકોમાંથી થોડા યાત્રિકો અનુભવોનું વર્ણન કરે છે. પૂ. શ્રી મા, ભક્તો ને યાત્રિકો ખૂબ પ્રસન્ન થાય છે. પૂ. શ્રી મા પ્રત્યેક યાત્રિકને રક્ષા બાંધે છે, પુષ્પ ગુચ્છ આપે છે, રક્ષમામ્‌ની શાલ ઓઢાડે છે, બાળકો તરફથી 'ૐ મા'ની આરસની તખ્તી અપાય છે, પ્રસાદ ને આશીર્વાદ તો ખરા જ. રાત્રિના અગિયાર વાગ્યે સન્માન પૂર્ણ ને યાત્રા પણ પૂર્ણ. પૂ. શ્રી માએ આપેલો બેજ હવે પોતાની સૂટકેસમાં મૂકાયો ને હવે આધ્યાત્મિક ભાવ ઓસર્યો. જાણે શાંત સાગરમાં મોજાઓ ઓસરે તેમ.

યાત્રા શા માટે? બસ! પૂ. શ્રીની તપોભૂમિના વર્ણનને પુસ્તકમાં વાચ્યા પછી પ્રત્યક્ષ દર્શનને માટે, પૂ. શ્રી માના સંકલ્પને પાર પાડવા માટે, પૂ. શ્રી માના હૃદયમાંથી નીકળતા અવિરત પ્રેમના પ્રવાહને માણવા માટે, ભક્તોના હૃદયને

ઓળખવા માટે, વિશ્વમાં રહેલી પૂ. શ્રી માની ચૈતન્ય શક્તિ અનુભવવા માટે. વિભૂતિયોગની ગીતામાતાની વાણી 'માસ માગશર ને વળી વસંતઋતુમાં છું'નું સાકાર સ્વરૂપ જોવા માટે. અરે! ચૈતન્યમયી ને વિજ્ઞાનમયી મા સર્વેશ્વરીમાના આધ્યાત્મિક વૈભવને જોવા, જાણવા, માણવા માટે.

સાત દિવસમાં ન કોઇ બીમાર પડ્યું, ન કોઇની બીમારીના સમાચાર મળ્યા, ન કોઇએ કોઇને વિઘ્ન આપ્યું, ન કોઇ વિઘ્ન આવ્યું. સૌએ આનંદસાગરમાં પૂ. શ્રી માની દિવ્યકૃપાથી સ્નાન કર્યું. બાકી તો આ દિવસોમાં અન્યોનાં મૃત્યુ થયાં હશે, કેટલાય બીમાર પડ્યા હશે, ગુનાઓ કર્યા હશે, જેલમાં ગયા હશે, જનમ્યા હશે, શરીર ઘવાયાં હશે, રાગદ્વેષથી ખરડાયા હશે. આ બધાથી પૂ. શ્રી માએ આટલા દિવસ સૌને મુક્તિ આપી ને 'દૂર છતાં સૌ પાસ'ની ઉક્તિ સાર્થક કરી. સ્વર્ગારોહણમાં રહેનારા ભક્તો ને સેવકોએ આ યાત્રિકો માટે પૂ. શ્રી માની ઇચ્છાથી ખૂબ જ શ્રમ ઊઠાવ્યો. એ બધાને પણ પૂ. શ્રી માની સતત સંનિધિ મળી. સતત આશીર્વાદ, પ્રેમ, કરુણા વહાવતાં પૂ. શ્રી માના ચરણોમાં કોટિ પ્રણામ, ભક્તોનો આભાર.



# બદ્રીનાથમાં રોગ—નિવારણ

**સ્વામી રામ**
**કુંદનિકા કાપડિયા**

વેપારીઓની એક મંડળી અને થોડાક ડૉક્ટરોએ સાથે મળીને બદરીનાથના મંદિરે દર્શન માટે જવાનું નક્કી કર્યું. કાનપુરના એક નામાંકિત વેપારી શ્રી જયપુરીઆએ આ યાત્રા ગોઠવી હતી, અને મંડળીના ૪૦ જણાની તબિયતનું ધ્યાન રાખવા ડૉ. શર્મા તેમાં સાથે જોડાયા હતા. તેમણે મને પણ સાથે જોડાવા આગ્રહ કર્યો. યાત્રા ગોઠવનાર ભાઇ ડોળીમાં ગયા અને બાકીના અમે બધા પગે ચાલતા, કર્ણપ્રયાગથી થોડા દિવસની મુસાફરીને અંતે બદરીનાથ પહોંચ્યા. એ લોકોને પહાડમાં આમ પગપાળા ચાલવાની ટેવ ન હોવાથી બદરીનાથ પહોંચતાં સુધીમાં તો બધા સભ્યો થાકીને લોથ થઇ ગયા. તેમના શરીરના સાંધા, ખાસ કરીને ઘૂંટણના સાંધા દુઃખવા લાગ્યા અને સૂજી ગયા. બદરીનાથ પહોંચતાં બધા ગરમ પાણીના કુંડમાં નાહવા માટે દોડ્યા. સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. મારો રૂમ એક મોટા મકાનના શાંત ભાગમાં હતો. એ મકાનમાં, બદરીનાથનાં દર્શને આવેલા બીજા પણ ઘણા યાત્રાળુઓ ઊતર્યા હતા.

મને રાતના જાગવાની અને બપોરે એકથી સાડા ત્રણ સુધી આરામ કરવાની આદત હતી. આ ટેવ મારા જીવનનો ભાગ બની ગઇ છે. મધરાતના અઢી વાગ્યે કોઇએ મારું બારણું ખખડાવ્યું અને કહ્યું : 'સ્વામીજી, મહેરબાની કરીને બહાર આવો. મારા ભાઇને હૃદયરોગનો હુમલો થયો છે અને ડૉક્ટર એનો કેસ સંભાળી શકે તેમ નથી. કૃપા કરીને મદદ કરો.'

બોલનાર શ્રી જયપુરીઆ હતા. તેમને મારે માટે ઘણો પ્રેમ છે પણ મારો નિયમ હતો કે એ સમય ધ્યાન માટેનો જ રાખવો; એમાં વિક્ષેપ પડવાથી મારી સંકલ્પ–શક્તિમાં ગરબડ ઊભી થાય. મને એ પણ ખબર હતી કે મંડળીમાં બીજા ડૉક્ટરો છે. તેમની પાસે ઑક્સિજન ને અન્ય સાધનો છે. આથી બારણું ઉઘાડવાને બદલે મેં અંદરથી કહ્યું : 'અમે યોગીઓ અને સંન્યાસીઓ તો આવા સ્થળે મરણ પામવા ઝંખીએ, પણ એવું બનતું નથી. તો તમારો ભાઈ આવા મંગળ સ્થાને મૃત્યુ પામવાનું શી રીતે પસંદ કરી શકે? એ શક્ય નથી. એ મૃત્યુ પામવાનો નથી. હવે જાઓ, મને ખલેલ ન કરો.' સવારે મેં જોયું તો શ્રી જયપુરીઆનો ભાઈ તદ્દન સ્વસ્થ હતો. અને પછી મેં જે વાક્ય કહેલું એ તો એમની મંડળીમાં મજાકરૂપ બની ગયું: 'જો સાધુ–સંન્યાસીઓને પણ બદરીનાથના મંદિરમાં મૃત્યુ પામવાનું સૌભાગ્ય ન મળતું હોય, તો વેપારી માટે તો આવું શાંત સુભગ મૃત્યુ સંભવે જ શી રીતે? એ શક્ય જ નથી.'

બીજે દિવસે સવારે બધા મંદિરે ગયા, અને નજીકની ગુફાઓમાં રહેતા અનેક સાધુ–સંન્યાસીઓને મળ્યા. સાંજના પાંચેક વાગ્યે મંડળીના મુખ્ય ડૉક્ટર શર્માએ કહ્યું કે શ્રીમતી જયપુરીઆને લોહીના ઝાડા થઈ ગયા છે. એ સરસ મજાનાં વૃદ્ધ સન્નારી હતાં, અને હંમેશાં મારી સગવડોનો ખ્યાલ રાખતાં. હું એમને 'મા' કહેતો. એમના વિશે આ વાત સાંભળીને મને મનમાં દુઃખ થયું અને હું ઝડપથી એમને મળવા ગયો. તેમનો ચહેરો તદ્દન ફિક્કો પડી ગયો હતો. તે એટલાં નંખાઈ ગયાં હતાં કે હોઠ પણ હલાવી શકતાં નહોતાં. તેમના બે દીકરાઓ તેમની પડખે બેઠા હતા. ડોશીમા જીવશે



એવો હવે તેમને ભરોંસો નહોતો. ડૉક્ટરે દવાઓ આપી હતી, પણ તેનું કાંઈ પરિણામ આવ્યું નહોતું. માજીનો શ્વાસ ધીમો હતો, અને ડૉક્ટરોએ તો આશા છોડી દીધી હતી. મેં સહાનુભૂતિથી તેમના માથા પર હાથ મૂક્યો. શું કરવું તેની મને સમજ પડતી નહોતી. અચાનક મેં ડોક ફેરવી જોયું તો એક ઊંચો જુવાન સાધુ મને બોલાવતો હતો. મારું ધ્યાન એના તરફ ખેંચાયું. એ સાધુએ કહ્યું : 'ડૉક્ટર ક્યાં છે?' ડૉક્ટર આગળ આવ્યા. સાધુએ કહ્યું : 'તમારું તબીબી વિજ્ઞાન આટલું જ કરી શકે છે ને! તમે લોકો ખરેખર તો લોકોને દવા આપીને મારી નાખો છો, કેવું કંગાળ જ્ઞાન!'

ડૉક્ટરને ગુસ્સો આવ્યો. તેણે કહ્યું : 'તો પછી તમે બે સાધુઓ અહીં છો તો એમને સાજાં કેમ કરી શકતા નથી? હું તો કબૂલ કરું છું કે મારી સેવા નિષ્ફળ ગઈ છે અને બીજા ડૉક્ટરો પણ નિરુપાય છે.'

શ્રી જયપુરીઆને એમનાં પત્ની માટે ખૂબ પ્રેમ હતો. તે રૂમના એક ખૂણે ભરાઈને ડૂસકાં ભરતા હતા. તેમના દીકરાઓ અને બીજાં સગાંઓ પણ રડતાં હતાં. મેં પેલા જુવાન સાધુ તરફ જોયું. તેણે સ્મિત કરીને પૂછ્યું કે એકાદ ફૂલ મળશે કે કેમ? એક જણે લાલ ગુલાબની પાંખડીઓ એમને ધરી. સાધુએ શ્રીમતી જયપુરીઆને બેઠાં થવા કહ્યું. તેણે સહેજ કઠોર રીતે તેમનો હાથ પકડી જબરદસ્તીથી બેઠાં કરી દીધાં, અને ગુલાબપાંખડીવાળા પાણીનો પ્યાલો તેમના મોઢામાં રેડી દીધો. સાથે તે કંઈક બોલતો જતો હતો, જે અમે કોઈ જાણતા નહોતા. પછી તેણે માજીને પથારી પર સુવડાવી કામળો ઓઢાડી દીધો અને બધા લોકોને રૂમની બહાર ચાલ્યા જવા કહ્યું. તેમણે કહ્યું : 'હવે તે ગાઢ ઊંઘમાં પોઢી જશે.'

બધાને લાગ્યું કે ગાઢ ઊંઘનો અર્થ 'મરી જશે' એવો થાય છે, એટલે તેઓ આક્રંદ કરવા લાગ્યા. અમે બન્ને તેમની સામે હસી રહ્યા હતા. તેઓ આ બાબત સમજી શક્યા નહિ. માજીના પુત્રે કહ્યું : 'તમારે બેજવાબદાર લોકોએ તો કાંઇ ગુમાવવાનું નથી, પણ મેં તો મારી મા ગુમાવી છે, અને હવે તમે અમારી મજાક ઉડાવો છો!' હું ને પેલો જુવાન સાધુ મકાન બહાર નીકળી પેલાં માજી જાગે તેની રાહ જોતા ઊભા રહ્યા. તેમના કુટુંબના લોકો સ્મશાનયાત્રાની તૈયારી કરવા લાગ્યા. અડધોએક કલાક પછી પેલા જુવાન સાધુએ શ્રી જયપુરીઆને અંદર, તેમનાં પત્ની પાસે જવાનું કહ્યું. તેમણે જઇને જોયું તો તેમનાં પત્ની બેઠાં હતાં અને તદ્દન સ્વસ્થ હતાં.

રોગ–નિવારણ માટે મદદકર્તા દવાઓ અને ઉપચારોનો હું વિરોધી નથી, પણ રોગ અટકાવતી ઔષધિઓ વિશે બીજાઓ જાણે એમ હું ઇચ્છું છું. સંકલ્પશક્તિની મદદથી લોકોને સહાય કરવાનો બીજો એક ઊંચો માર્ગ પણ છે. અહીં સંકલ્પ-શક્તિનો અર્થ છે : એકાગ્ર મન, ધ્યાન અને આધ્યાત્મિક યમ–નિયમવડે પ્રબલ ક્રિયાશક્તિ ધરાવતી ઇચ્છા. આજના દવાશાસ્ત્રમાં આ સંકલ્પશક્તિ કેળવવાની વાત ક્યાંય નથી.

જુવાન સાધુએ ડૉક્ટરનો પડકાર ઝીલી લીધો અને માંદાં વૃદ્ધ માજીને સાજાં કરવાની પોતાની ગુપ્ત શક્તિ વિશે તે સભાન થયો. વ્યાવસાયિક ડૉક્ટરો સાથેના મારા અનુભવો પછી મને ખાતરી થઇ છે કે રોગનો ઉપચાર કરતી વખતે ડૉક્ટરનો વર્તાવ અને તેની ઇચ્છાશક્તિ, માત્ર ઔષધિ કરતાં ઘણાં વધારે મહત્ત્વનાં છે. તબીબી લોકો જેમ આ હકીકત



સમજશે, તેમ મારી સાથે સહમત થતાં જશે કે તેઓ કેવળ દવા વડે જ નહિ પણ માંદગીને અટકાવવાની બીજી રીતો દરદીને શીખવીને તેને સહાય કરી શકે છે, અને તેના પોતાનામાં જ પોતાને સાજા કરવાની શક્તિ રહેલી છે તે વિશે એને સચેત બનાવી શકે છે.

આ પછી એ આખી મંડળીએ અમને માની ન શકાય તેટલું માન આપ્યું. દરેક જણ અમને પૈસા આપવા, અમારે માટે ઘર બાંધી આપવા અને અમને મોટરકાર આપવા ઇચ્છતું હતું. મને લાગે છે કે શ્રીમંત લોકો દરેક વસ્તુ માટે પૈસા આપવા ઇચ્છે છે, તેઓ ત્યાગીઓને પણ પૈસાની લાંચ આપવા માંગતા હોય છે. પણ જેઓ ખરેખર ત્યાગના માર્ગ પર ચાલ્યા છે તેમને સંપત્તિ લોભાવી શકતી નથી. એકલક્ષી મન, પ્રબળ ઇચ્છાશક્તિ અને સૌથી વધુ તો ઈશ્વરની કૃપા થોડાક સદ્ભાગી લોકોને આવાં પ્રલોભનોથી પર રહેવામાં સહાય કરે છે.

આ મંડળીને વિદાય આપી હું બદરીનાથમાં બીજા છ દિવસ રોકાયો. મારા મિત્ર પણ સાથે હતા. પર્વતીકર મહારાજ નામે ઓળખાતા એક મોટા સંન્યાસી પાસે અમે સંગીત સાંભળ્યું. અમે એક ગુફામાં ફલાહારીબાબા પાસે રહેતા અને પર્વતીકર મહારાજને સાંભળવા મંદિરમાં ઊતરી આવતા. તેમની પાસે 'વિચિત્રવીણા' નામે ઓળખાતી વીણા હતી. તાર મેળવતાં પહેલાં તેમણે મૌન તોડ્યું અને કહ્યું : 'હું મારું વાદ્ય મેળવું છું તેમ તમે પણ તમારા તાર મેળવી શકો. જીવનના તાર યોગ્ય રીતે મેળવવા જોઇએ. પહેલાં તાર મેળવવા અને પછી વાદ્યને સરખી રીતે સ્થિરપણે પકડવું, તે

એક કળા છે. તમે હવે વાદ્ય બની જાઓ અને 'તે'ને એ વાદ્ય વગાડવા દો. તમારી જાતને અર્પણ કરી દો. આ મેળવેલું વાદ્ય પેલા મહાસંગીતકારને ધરી દો.'

થોડાક લોકો એમની વાત સમજ્યા, થોડાક ન સમજ્યા. હું ને મારો મિત્ર શાંતપણે એક ખૂણામાં બેઠા હતા. તેમનું બોલવું સાંભળ્યા પછી અમે તેમના તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે વીણા હાથમાં લીધી, આંખો બંધ કરી અને પછી વગાડવા માંડ્યું. સિતાર અને ગિટાર અને બીજાં બધાં તંતુવાદ્યો એકસાથે મેળમાં વગાડવામાં આવે, તોપણ તે આટલું સુંદર સંગીત ન સર્જી શકે. શ્રોતાવૃંદને સંગીતની કાંઈ જાણકારી નહોતી, તોપણ બધાં ડોલવા લાગ્યાં. અઢી કલાક સુધી તેમણે વીણા વગાડી. એ જ એક માત્ર એવા સંગીતકાર છે, જેમણે મને માનવા પ્રેર્યો કે સંગીત પણ આનંદ અને શાંતિનું સાધન બની શકે છે. હું એને સંગીતમાં ધ્યાન કહું છું.

બધી લલિત કલાઓમાં સંગીત સર્વોચ્ચ છે. સંગીત એટલે ફક્ત ગીત, રાગ કે શબ્દો નહિ. સંગીતમાં અત્યંત સૂક્ષ્મ ધ્વનિ છે, નાદ છે, જેનું આંદોલન આપોઆપ જ બધા કોષોને સ્પંદિત કરે છે, નર્તન કરતા કરે છે. નાદના આંદોલન વગર નર્તન શક્ય નથી. આ નાદને કારણે જ જીવનનો પ્રવાહ એક ચોક્કસ લયમાં ગીત ગાય છે અને વિવિધ વળાંકોમાંથી વહેતાં, એના વાતાવરણને દરેક વખતે એક નવો અનુભવ આપતો જાય છે.

આ વિશ્વનો સૌથી પ્રાચીન પ્રવાસી આ જીવનપ્રવાહ છે, જે પોતાના આનંદમાં એક શાશ્વતીથી બીજી શાશ્વતી સુધી ગીત ગાતો નાચતો જાય છે. પ્રિયતમને મળવાના ભાવાવેગમાં



અંતે તે આનંદના સાગર સાથે એકરૂપ બની જાય છે. આદિથી અંત સુધી એક સનાતન ધ્વનિ છે, પણ વિવિધ સપાટી પર તેના સાત સ્વર બને છે. આખી દુનિયાના સંગીતના મુખ્ય સાત સ્વરો છે, જે ચેતનાના સાત સ્તરોનું પ્રગટ રૂપ છે. આ સ્વરો માણસને ચેતનાના વિવિધ સ્તરો પ્રત્યે જાગ્રત કરે છે અને છેવટે ચેતનાની ગંગોત્રી ભણી લઈ જાય છે, જેમાંથી ચારે દિશામાં આંદોલિત થતો જીવનપ્રવાહ ઉદ્‌ભવે છે. આ ધ્વનિનો એક બીજો પણ પ્રકાર છે—અવાજ વગરનો ધ્વનિ. આ સનાતન નાદને ફક્ત 'ભીતરના લોકો' જ જાણે છે.

યોગીઓ આ અવાજવિહોણા અવાજને, આ મૌનના ધ્વનિને દરેક માનવ–હૃદયમાં ચાલી રહેલા આ શાશ્વત સંગીતને સાંભળતાં શીખે છે. પણ આપણામાંથી કેટલા આ સંગીત સાંભળી શકે છે? આ 'પરાભાવ'થી અભિસિંચિત જિજ્ઞાસુના હૃદય પર ઊંડી અસર કરે છે અને સર્વોચ્ચ ક્ષણનો આનંદ માણવા શક્તિમાન બનાવે છે. આને જ સંગીતમાં ધ્યાન કહેવાય છે. આમાં કોઈ પ્રયત્ન કરવાની જરૂર નથી. આમાં માત્ર પ્રિયતમ પરમાત્મા માટે પ્રેમની એક જ્યોત હૃદયમાં પેટાવવાની છે. શક્તિનો માર્ગ સૌથી સરળ છે અને તે માણસને આધ્યાત્મિક સમાધિની ઊંચાઈ પર લઈ જાય છે. સંગીતદ્વારા પ્રગટ થતો પ્રેમ એ સંગીતમાં ધ્યાન સમાન છે. ધીમે ધીમે મન એકાગ્ર થવા લાગે છે, અને એક દિવસ એવો આવે છે જ્યારે સાધકને અનાહત નાદ સંભળાવા લાગે છે. ભક્તિમાર્ગમાં સંગીત આત્મસાક્ષાત્કારનું સાધન બની રહે છે.

# ડૉ. અભય બંગ અને રાણી

ડૉ. અભય બંગ

(ડૉ. અભય બંગ અને રાણી ગાંધીજીની વિચારસરણીનો સંસ્પર્શ પામેલા સેવાભાવી દાક્તરો છે. ભારતના પછાત ગામડાંઓમાં આરોગ્યની સમસ્યાનો ઉકેલ શી રીતે લાવી શકાય, તેનું સંશોધન તેઓએ ભારતની ગ્રામ્ય પરિસ્થિતિને લક્ષમાં રાખી, આગવી રીતે કર્યું છે. આ અભય બંગ અને રાણી કોણ છે તે જોઈએ.)

મારું બાળપણ ગાંધીજીના સેવાગ્રામ આશ્રમમાં વીત્યું છે. આજે હું જ્યાં રહું છું તે જગ્યાનું નામ અમે 'શોધગ્રામ' રાખ્યું હોવાથી આ કથાનું શીર્ષક 'સેવાગ્રામથી શોધગ્રામ' રાખ્યું છે.

મારા જીવન પર ગાંધીજીનો પ્રભાવ મારા જન્મ પહેલાં પડવા લાગ્યો હતો. ગાંધીજીના માર્ગદર્શન હેઠળ સ્વ. જમનાલાલ બજાજે વર્ધામાં માતૃભાષામાં શિક્ષણ આપતી ભારતની સહુ પ્રથમ કોલેજ ખોલી હતી. મારા પિતાજી નાગપુર યુનિવર્સિટીમાંથી પાંચ સુવર્ણચંદ્રકો સાથે અર્થશાસ્ત્રી થયા હતા. એ વખતે આ એક વિક્રમ હતો. જમનાલાલ બજાજે એ કોલેજમાં મારા પિતાજીની અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે નિમણૂક કરી. ત્યારે બેતાલીસની લડત શરૂ થઈ હતી. પિતાજી ભૂગર્ભમાં ગયા, પકડાયા; બે–ત્રણ વર્ષ જેલવાસ ભોગવ્યો. ૧૯૪૫માં છૂટ્યા. ત્યારે ક્ષિતિજ પર દેશની આઝાદી સ્પષ્ટ દેખાઈ રહી હતી. આઝાદ ભારતની પોતાના હાથે વધુ સેવા થઈ શકે; તેના ઘડતર ને ચણતરમાં જોડાઈ શકાય એ હેતુથી મારા પિતાજીએ અર્થશાસ્ત્રના વધુ અભ્યાસ



માટે અમેરિકા જવાનો વિચાર કર્યો. ઓહાયો યુનિવર્સિટીમાં પ્રવેશ અને શિષ્યવૃત્તિ મળ્યાં, વિઝા પણ મળ્યા.

૧૯૪૫માં અમેરિકા શીખવા જવું એ ભારતની કોઈ પણ વ્યક્તિના જીવનની મોટી ઘટના ગણાતી. ત્યાં જતાં પહેલાં ગાંધીજીના આશીર્વાદ લેવા પિતાજી તેમના આશ્રમમાં ગયા. વંદન કરી તેમની પાસે બેઠા પછી બોલ્યા; "હું જેલમાંથી છૂટ્યો છું. અર્થશાસ્ત્રના વધુ અભ્યાસ માટે અમેરિકા જઈ રહ્યો છું. તમારા આશીર્વાદ આપો." જવાબમાં ગાંધીજી એક જ વાક્ય બોલ્યા, "અર્થશાસ્ત્ર શીખવું હોય તો અમેરિકાને બદલે ભારતનાં ગામડાંઓમાં જાઓ."

પિતાજીએ બાપુની કુટિરમાંથી બહાર આવી પોતાની પાસેના પ્રવાસના કાગળો તથા ઓહાયો યુનિવર્સિટીનું પ્રવેશપત્ર ફાડી નાખ્યાં. મહિનોમાસમાં પોતાની કોલેજના દશબાર વિદ્યાર્થીઓના એક જૂથ સાથે વર્ધા પાસેના એક ગામડામાં જઈ વસ્યા. ત્યાં ખેડૂતોની જેમ રહીને, ખેતી કરતાં કરતાં ગ્રામીણ અર્થશાસ્ત્ર સમજવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

આજે તે ઘટનાને ૫૫ વર્ષ થયાં. આજે ૮૩ વર્ષની ઉંમરે મારા પિતાજી એટલા જ ઉમંગ અને ઉત્સાહથી દેશઆખામાં ગાંધીજીનું કામ કરતા હોય છે.

ગાંધીજીનો જાદુ શો હતો? તેમણે પિતાજીને એક જ વાક્ય કહ્યું અને મારા પિતાજીની આખી જિંદગી જ બદલાઈ ગઈ. જાદુ એ હતો કે ગાંધીજી જેવું કહેતા તેવું કરતા. તે જ્યારે અમદાવાદથી વર્ધા આવ્યા ત્યારે તે ખાસ ગામડામાં રહેવા ગયા. શેગાવ નામના એક સાવ સામાન્ય ગામડાનું સેવાગ્રામમાં રૂપાંતર કર્યું. સેવાગ્રામની એક ઝૂંપડીમાં જમીન

પર પાથરેલી સાદડીના સિંહાસન પર બેસી જ્યારે એ વૃદ્ધ કહેતો હતો 'ભારતનાં ગામડાંમાં જાઓ' ત્યારે શબ્દ અને આચરણ એકરૂપ થવાથી શબ્દ બ્રહ્માસ્ત્ર બન્યો હતો. મહાત્માની શક્તિ કહેણીમાં નહીં પણ કરણીમાં હતી, આવા સેવાગ્રામ આશ્રમમાં હું ઊછર્યો.

હું જ્યારે ઊછરી રહ્યો હતો ત્યારે ગાંધીજી જીવતા નહોતા પણ તેમનું અસ્તિત્વ બધી જગ્યાએ અનુભવાતું હતું. વાંસ–માટીની બનાવેલ કુટિરમાં, આશ્રમની પ્રાર્થનાભૂમિમાં, ખેતરોમાં, ગૌશાળામાં, ખાદી માટેના 'કબીર ભવન'માં, ગાંધીજીએ પોતાના હાથે માલિશ કરીને જે કુષ્ઠરોગી પરચુરે શાસ્ત્રીજીની જ્યાં સેવા કરી હતી તે કુટિરમાં તથા મારી નિશાળમાં! જે શાળા એક તબક્કે ખુદ ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોરે મળીને શરૂ કરી હતી. મારી મા તે શાળાની આચાર્યા હતી. તે 'નઈ તાલીમ'ની શાળા શિક્ષણનો એક જાદુઈ ટાપુ હતો. ભૂદાનની પદયાત્રામાં ભાગ લેવા માટે તે શાળામાં રજા રહેતી. વિનોબાની આંગળી ઝાલી પદયાત્રા કરતાં ખૂબ વિચાર કર્યા પછી વિનોબાને મેં એક ગંભીર પ્રશ્ન પૂછ્યો, "તમે ગામોનું ગ્રામદાન કરવા તથા અનાજનો ગ્રામભંડાર કરવાનું લોકોને કહો છો, પરંતુ એકઠું કરેલું અનાજ ઉંદરો ખાઈ જશે તેનું શું?" વિનોબા ખૂબ હસ્યા હતા.

આવા ઉમદા વાતાવરણમાં ઊછરી આગળ હું મેડિકલ કોલેજમાં ગયો. ત્યાં હું ઘણું બધું શીખ્યો. જેમાં એક મહત્ત્વની વાત તે રાણીની પ્રાપ્તિ. કોલેજના પ્રથમ વર્ષના પ્રથમ દિવસે ડિસેક્શન હોલમાં મારો મિત્ર બીજા ટેબલ પર ડિસેક્શનમાં રચીપચી વાંકી વળેલી એક છોકરી દેખાડતાં બોલ્યો, "તેને જો; તે ચંદ્રપુરની રાણી ચારી; જે ગઈ સાલ પહેલે નંબરે હતી. પણ ઉંમર ઓછી પડતાં આ સાલ મેડિકલમાં આવી. તું આ વર્ષે પહેલે નંબરે છે. હવે પછી તારી સ્પર્ધા તેની સાથે થશે." પરંતુ અમારો પરિચય વધતાં કળાયું કે લાખોપતિની દીકરી હોવા છતાં સુતરાઉ સાડી પહેરી ઝૂંપડામાં રહેવાની તેને હોંશ હતી. આમ રાણીનું અને મારું સ્વપ્ન સમાન હતું.



આવી પાર્શ્વભૂમિ પર એમ. ડી. પૂરું થતાં મારાં અને રાણીનાં લગ્ન થયાં. લગ્ન પછી અમે બન્નેએ વર્ધાની આસપાસનાં ગામડાંઓમાં આરોગ્ય સેવા આરંભી, તે ૧૯૭૮નું વર્ષ હતું. કટોકટી તાજેતરમાં જ પૂરી થઈ હતી. ભારતમાં નવા સમાજનું ફરીથી નિર્માણ કરીએ, એવા ઉત્સાહથી, જયપ્રકાશજીની હાકલથી મારા જેવા અનેક યુવાનો ગામડાંમાં કામ કરવા લાગ્યા હતા. અમારું સ્વપ્ન સાદું ને સરળ હતું—ભારતની મોટા ભાગની જનતા ગામડાંમાં વસતી હતી. તે માંદી હતી. મૃત્યુથી ઘેરાયેલી હતી. તેની સારવાર કરતાં કરતાં આ ગામડાંઓની કાયાપલટ કરવી; ગામડાં સુધારી નાખવાં! 'સેવા સાથે સમાજસુધારણા'નું સાદું–સીધું સપનું લઈ અમે વર્ધા પાસેના કાન્હાપુર ગામમાં આરોગ્ય સેવા આપવાની શરૂઆત કરી. ત્રણ વર્ષ તે ગામના દરેક જણની સારવાર અમે કરી હશે. ગામના ખેડૂતો અમને બન્નેને ચાહતા. તેમને 'સુધારવાની' અમારી મથામણને તેઓ હેતથી સહન કરી લેતા.

એક દિવસ ગામમાં અચાનક એક બનાવ બન્યો. થ્રેશર મશીન પર કામ કરતા અજાબરાવ ઈવનાતે નામના મજૂરનો હાથ મશીનમાં આવી ગયો અને આખે–આખો ચગદાઈને છૂંદો થઈ ગયો. અમને બોલાવતાં અમે દોડ્યાં. હોસ્પિટલમાં તેનો હાથ કાપવો જ પડ્યો. સારવાર પછી થોડા મહિનામાં તે

સાજો તો થયો પણ એક હાથ વગર તે ભિખારી બન્યો. આરોગ્યના પ્રશ્નો ઉકેલવા એટલે માત્ર મલમપટ્ટા કરવા જ નહીં એવી અમારી સમજ હોવાથી અમે આ પ્રશ્નનો નિવેડો લાવવાનું વિચાર્યું. અજાબરાવના માલિક ખેડૂતે નુકસાન ભરપાઇ તરીકે અજાબરાવને ત્રણ વીઘા જમીન આપવી, એવો ઉપાય અમે સૂચવ્યો. કાન્હાપુરના મોટા ભાગના ખેડૂતોને તે પસંદ ન પડ્યો. જો આવી પ્રથા પડશે તો દરેક ખેતમજૂરને થતું નુકસાન ભરપાઇ કરી આપવું પડશે. છતાં આ મુદ્દો સમાજ સામે મૂકવો જોઇએ એ ન્યાયે રાતે ગામમાં એક જાહેર સભા યોજી. સામાન્ય રીતે અમારી સભામાં સેંકડો લોકો આવતા પણ તે દિવસ ફક્ત ત્રણ જ માણસો ત્યાં હાજર રહ્યા. અમે માઇક પર બોલવા લાગ્યા ત્યારે ઘરે—ઘરેથી અમારા પર પથ્થરો ફેંકાયા. જ્યાં બેત્રણ વર્ષ લોકોને દવાઓ આપી, તેમની સારવાર કરી તે ગામમાંથી પથ્થરમારાની પ્રસાદી મળી.

એ ડીસેમ્બર મહિનો હતો. રાતના બાર વાગ્યા હતા. બહાર કડકડતી ઠંડી હતી. અમે પણ એ જ રીતે અંદરથી થીજી ગયાં હતાં. અમારાં તમામ સ્વપ્નોનો ભાંગીને ભુક્કો થયો હતો. આવી ભાંગીતૂટી અવસ્થામાં મધરાતે રાણી અને હું કાન્હાપુરથી ઘરે પાછાં ફર્યા. માત્ર તબીબી સેવાથી કોઇ ગામના પ્રશ્નો ઉકેલી શકાય નહીં એવો બોધપાઠ અમે શીખ્યાં.

તો પછી ભારતના લોકોના, ગામડાંના લોકોના આરોગ્યના પ્રશ્નો કઇ રીતે ઓળખવાના? કાન્હાપુરમાં અમારી શું ભૂલ થઇ તે અમે શોધવા લાગ્યાં. ત્યારે એક દુઃખદાયક હકીકત ધ્યાનમાં આવી કે ભારતના લોકોના મોટા ભાગના બધા રોગોનું સંશોધન ભારત બહારના લોકોએ ભારતમાં



આવી કર્યું છે.

મેલેરિયા ભારતનો રોગ છે જે મચ્છર દ્વારા ફેલાય છે. આ સંશોધન બ્રિટિશ ડોક્ટર રોનાલ્ડ રોસે કર્યું. ભારત આવી તેમણે સંશોધન કરી મેલેરિયાનું મોટું રહસ્ય ખોલ્યું. કોલેરા જે Vibrio Cholerae નામના જંતુથી થાય છે, તે રોબર્ટ કોકને શોધ્યું. તે યુરોપનો રહેવાસી. તેણે ભારત આવી તે શોધ્યું. મારા દેશમાં થતા રોગ પર પરદેશીઓ સંશોધન કરતા હતા અને મારા દેશના મોટા ભાગના ડોક્ટરો ગામડાંમાં જતાય ન હતા. અને જાય તો સંશોધન કરતા ન હતા. વળી ગામડામાં સંશોધન કઇ રીતે થઇ શકે? નથી ત્યાં પ્રયોગશાળા, નથી ત્યાં દવાખાનાં, સગવડ જ નથી. ગામડામાં જ રહીને આરોગ્ય વિશેનું સંશોધન કેવી રીતે કરવું તે શીખવા હું અને રાણી બાલ્તિમોરની જોન્સ હોપકિન્સ વિદ્યાપીઠમાં પહોંચ્યાં. અમારો મુખ્ય હેતુ જાહેર આરોગ્ય વિશેનું સંશોધન તંત્ર શીખવાનો હતો. અમેરિકા જેમ ડોલરથી ઉન્મત દેશ છે તેમ જ્ઞાનથી ઉન્મત દેશ પણ છે. ભારતનાં ગામડાંમાં સંશોધન કઇ રીતે કરવું તે માટેનો સહુથી મોટો જ્ઞાનભંડાર જોન્સ હોપકિન્સ વિદ્યાપીઠ હતી. સંશોધન કઇ રીતે કરવું, નવા જ્ઞાનનું નિર્માણ કઇ રીતે કરવું તે અમે આ વિદ્યાપીઠમાં શીખ્યાં અને ભારત પાછા ફરવા વિચાર્યું. પાછા ફરવાના આગલા દિવસે અમારા ગુરુ પ્રો. કોર્લ ટેલરે અમને પૂછ્યું કે હવે આપ જ્યારે અમેરિકાને છોડીને હંમેશ માટે જઇ રહ્યાં છો ત્યારે સાથે શું શું લઇ જઇ રહ્યાં છો? ઢગલાબંધ પુસ્તકો, પેટીઓ ભરી પેપરો, વત્તા ગામડાંના લોકોને સમજાવી શકાય તે માટે સ્લાઇડ પ્રોજેક્ટર, બસ! આટલું લઇ ૧૯૮૪માં ભારત પાછાં આવ્યાં.

ભારતનાં પાંચ લાખ ગામડાંમાં લોકોનાં રોગો અને મૃત્યુ કેમ ઘટાડવાં; તેનો માર્ગ શોધવાનો હતો. ક્યાંથી શરૂઆત કરવી, ક્યાં વસવાટ કરવો એની શોધખોળ શરૂ કરી. મુંબઇ, દિલ્હી અને પૂનાની મોટી મોટી સંશોધન સંસ્થાઓનાં આમંત્રણ હતાં. ત્યાં તમામ સગવડો હતી—સંશોધનની, રહેવાની વગેરે. પણ મુશ્કેલી એક જ હતી તે એ કે ત્યાંથી ગામડાં ઘણાં દૂર હતાં. શું કરવું એ અંગે વિમાસણ હતી.

કમભાગ્યે આપણા દેશનાં મોટા ભાગનાં મેડિકલ સંશોધનો આ રીતે થઇ રહ્યાં છે. આરોગ્યરૂપી સમસ્યા છે ગામડાંમાં, પણ તેનું સંશોધન થઇ રહ્યું છે શહેરમાં. જ્યાં પ્રકાશ છે, જ્યાં સગવડો છે, વાતાનુકૂલિત ઓરડા છે, પણ પ્રશ્નો નથી. સમસ્યાઓ વગર સંશોધનો થઇ રહ્યાં છે.

આથી અમે અમારા કામ માટે ગડચિરોલીની પસંદગી કરી. ૧૯૮૨માં ચંદ્રપુર જિલ્લાનું વિભાજન કરી ગડચિરોલીને ખૂબ પછાત હોવાથી આદિવાસીઓ માટેનો અલગ જિલ્લો બનાવવામાં આવ્યો હતો. જ્યાં સૌથી વધુ પ્રશ્નો તથા જરૂરિયાતો હોય ત્યાં જ આરોગ્ય સેવા આપવી તથા ત્યાં જ સંશોધન કરવું એમ અમે નક્કી કર્યું હોવાથી ગડચિરોલી જિલ્લાની પસંદકી કરીને અમે ત્યાં પહોંચ્યાં. ગડચિરોલી જિલ્લો મહારાષ્ટ્રની પૂર્વ બાજુએ આવેલો છે. જેની એક તરફ મધ્ય પ્રદેશની સીમા ને બીજી તરફ આંધ્ર પ્રદેશની સીમા આવેલી છે. નાગપુરની દક્ષિણે ૨૦૦ કિ. મી. ના અંતરે તે આવેલો છે. જિલ્લાની લગભગ ૬૦% જમીન જંગલો હેઠળ છે. જે સાગ, મહુડા ને વાંસથી ભરપૂર છે. જિલ્લાની ત્રણે બાજુએ નદીઓ છે. વૈનગંગા નદી જિલ્લાના પશ્ચિમ કિનારાથી વહે છે. આ નદીમાં પાણી વધે એટલે જિલ્લાનાં



બાકી તમામ નાનાંમોટાં નદી—નાળાંમાંય પાણી વધે અને પૂરથી ઠેકઠેકાણે રસ્તાઓ તૂટી જાય છે. ડાંગરની ખેતી અહીંના લોકોનો મુખ્ય આધાર છે. ચોમાસાના ચાર માસ લોકો ડાંગરની ખેતીમાં વ્યસ્ત રહે છે. બાકીના આઠ મહિના જંગલમાં જઇ લાકડાં કાપવાં, મહુડાંનાં ફૂલો, ખાખરાનાં પાન તથા ઘાસચારો એક કરી તેના પર જેમતેમ જીવવાનું, આ ગડચિરોલીનો જીવનપ્રવાહ છે.

ગરીબો પુષ્કળ છે. સરકારી આંકડા મુજબ ત્યાં ૮૦% લોકો ગરીબીરેખા નીચે જીવી રહ્યા છે. ત્યાં વસવાટ કર્યાના બે—ત્રણ મહિના પછી એક સવારે એક સ્ત્રીને ગૌચરમાં કંઇક કામ કરતી જોઇ. વધુ નજીક જઇને તેને પૂછ્યું, ‘‘ગૌચરમાં શું કરી રહી છે?’’ તેણે ઘાસનાં બી તથા ફૂલો એક ટોપલામાં એકઠાં કર્યાં હતાં તે બતાવ્યાં. મેં પૂછ્યું, ‘‘શા માટે આ ઘાસનાં બી એકઠાં કર્યાં છે?’’ તેણે કહ્યું કે ઘરમાં ખાવા અન્નનો દાણો નથી. આ ઘાસનાં બી તથા ફૂલો બાફીને બાળકને ખવડાવીશ. એકવીસમી સદીમાં પણ ગડચિરોલીનો માણસ હજી ઘાસનાં બી બાફી બાળકને ખવડાવી તેનું પેટ ભરી રહ્યો છે. એટલે જે ખાસ મહિનામાં ખાવાનું કંઇ મળતું નથી, ભૂખ્યા સૂવું પડે છે. માણસનાં હાડકાં દેખાઇ આવે છે તે મહિનાને આ લોકો ‘‘હાડુક’’ મહિનો કહે છે.

પરદેશ વસતા ભારતીયોના અવાજનો હવે ભારતમાં પણ પ્રભાવ છે. આ પ્રભાવી શક્તિ ઘણું કરી શકે તેમ છે. પણ તેમાં થોડી મુશ્કેલી છે. અમેરિકા અને કેનેડા એટલે સ્વર્ગભૂમિ છે. બધી જ સુખસમૃદ્ધિ ત્યાં છે, પણ આ દેશોની પ્રકૃતિ ખૂબ જ ઇન્સ્યુલર અલગતાવાદી—સાંકડી છે. બીજાનાં સુખદુઃખ સાથે મારે શું લેવાદેવા? એવી આ દેશના લોકોની વૃત્તિ. ત્યાં

રહેનારની વૃત્તિ પણ ધીમે ધીમે તેવી જ થતી જાય. ત્યાં ટી. વી. પર ભારતના સમાચાર ભાગ્યે જ જોવા મળે છે. તાજેતરમાં જ એક કિસ્સો વાંચ્યો. એક આંતરરાષ્ટ્રીય સંગઠને વિશ્વસ્તરની એક મોજણી કરી જેમાં એક જ પ્રશ્ન વિવિધ દેશોના લોકોને પૂછ્યો, "બાકી વિશ્વની અન્ન—અછત અંગે તમે શું વિચારો છો?" અભ્યાસ સંપૂર્ણતઃ નિષ્ફળ રહ્યો. કારણ રશિયાના લોકો 'વિચાર' એટલે શું જાણતા નહોતા. કેનેડાના લોકોને 'અછત' એટલે શું તેની ખબર ન હતી. તો આફ્રિકાના લોકો 'અન્ન' એટલે શું તે જાણતા નહોતા. અમેરિકનો 'બાકીનું વિશ્વ' એટલે શું તે જાણતા નહોતા.

બીજી મુશ્કેલી એ છે કે અમેરિકન સંસ્કૃતિ 'હું' વાદી સંસ્કાર આપનાર વિરાટ ઈન્ડસ્ટ્રી કે સ્કૂલ છે. દરેક વાત તરફ જોવા માટે તેની પાસે એક જ ચશ્માં છે. 'મારા માટે આમાં શું છે? આમાંથી મને શું મળશે?' આમ 'હું' નો ક્યારેય સંતોષ જ થતો નથી. ઈટ ઇઝ અ બોટમલેસ પિટ્, પણ આ દેશની આ જ સંકુચિત, ઈન્સ્યુલર વૃત્તિ, તથા માત્ર પોતાનો સ્વાર્થ સાધવાની વૃત્તિના પ્રતાપે માણસ એકલો પડે છે. હું, મારું અમેરિકા ને મારી સમૃદ્ધિ સિવાય બાકી દુનિયા સાથે મારે લેવાદેવા નથી, એવું તેને લાગવા માંડે. આવી કેદમાં પુરાઇ બીજાથી વિખૂટા પડી, અંદરથી એકલો વ્યાકુળ થાય છે, મુક્તિ પામવા તરફડે છે. 'મુક્તિ ક્યાં છે?' એવો આક્રોશ કરે છે. મિત્રો, આ કેદમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય છે—બીજા સાથે અનુબંધ જોડવું.

ગાંધીજીએ એક વાર કહ્યું હતું કે "ધેર ઈઝ ઈનફ ઓન ધિસ અર્થ ફોર એવરીબડીઝ નીડ, બટ નોટ ફોર એવરીબડીઝ ગ્રીડ" એટલે કે આ પૃથ્વી પર દરેકની જરૂરિયાત માટે પૂરતું



છે પણ દરેકના લોભ માટે પૂરતું નથી. આ લોભ એટલો વિરાટ થઇ શકે છે કે એક માણસના લોભને પણ આ પૃથ્વી પહોંચી શકે એમ નથી. દુનિયાના સૌથી પૈસાદાર માણસ બિલ ગેટ્સને શું તેની સંપત્તિથી સંતોષ છે? આપણી ઈચ્છા મર્યાદિત કરવી, બીજાના દુઃખે દુઃખી થઇ તેઓની સાથે કર્તવ્યનો સંબંધ જોડવો એ બન્નેની મુક્તિનો માર્ગ છે. એક વિરાટ પુલ અહીંથી ત્યાં સુધી બાંધવાની જરૂર છે. પ્રેમનો પુલ, કરુણાનો પુલ, સક્રિય વૃત્તિનો પુલ, જેના પર ચાલી તમે ગામડાંના લોકો સુધી, તેમનાં બાળકો સુધી પહોંચી શકો. તેથી તમે પણ ઊગરશો તથા તેમને પણ ઉગારી શકશો.

મિત્રો, ઓછામાં ઓછી એક સમસ્યા હાથમાં લો. બીજા પર ઉપકાર કરવા નહીં પણ સ્વમુક્તિ માટે. સ્વાર્થ જ્યારે આપણને અંધ બનાવે ત્યારે શું કરવું? મારા જેવા મૂંઝાયેલા જીવે એક વાર ગાંધીજીને આ પ્રશ્ન પૂછ્યો હતો. પ્રત્યુત્તરમાં ગાંધીજીએ કહ્યું, "સહેલું છે. હું તને એક જાદુઇ તાવીજ આપું છું, જે તને તરત જ જવાબ આપશે. જ્યારે તમારો સ્વાર્થ ખૂબ જ પ્રબળ બને, હવે આગળ શું કરવું એવો પ્રશ્ન થાય ત્યારે તમે જીવનમાં જોયેલા સૌથી દુઃખી, નબળા માનવીનો ચહેરો તમારી નજર સામે લાવો અને ખુદને પ્રશ્ન પૂછો કે હવે પછી હું જે પગલું ભરીશ તેનાથી આ માનવીનું દુઃખ ઘટશે ખરું? તમારી નજર સામેનું અંધારું દૂર થવા માંડશે."

અમેરિકા—કેનેડામાં રહી ભારતના માણસો માટે શું કરી શકાય? કંઇ કેટલાં દૃષ્ટાંતો તમારી સામે છે. ડૉ. જગન્નાથ વાણી, ડૉ. મદ્દીવાર. આ લોકો અહીં રહી પોતાના જીવનનું કેટલુંક ઋણ ત્યાં ચૂકવી રહ્યા છે. હું શું આપી શકીશ? મારી

પાસે સૌથી મૂલ્યવાન શું છે? મારું જીવન. મારા જીવનનો થોડોક હિસ્સો હું આપી શકું છું. મારી પાસે આથી વિશેષ શું છે? મારી પાસે એક્સેસ ટુ નોલેજ છે એટલે કે જ્ઞાન મારા માટે પ્રાપ્ય છે. તે હું ત્યાં આપી શકું. જોકે તે અનુકૂળ અને ઉપોયગી હોવું જોઇએ. અમેરિકામાં અનેક ભારતીય વિદ્વાનો સંશોધનમાં મોખરે છે. પણ તેઓ કોને માટે સંશોધન કરે છે? અમેરિકન કંપની માટે. તે સંશોધનની પસંદ અમેરિકન કંપનીને મળતાં એ કંપનીની સંપત્તિ વધે છે. બળદગાડાનું પૈડું કેમ હલકું થાય તે માટે કદી સંશોધન કર્યું છે ખરું? કૂવાનાં પાણીનું તળ કેમ ઉપર લાવવું તે પર કોઇએ સંશોધન કર્યું છે ખરું? જેને શરદી થઇ છે તેવા બાળકનું લીંટ વહેતું નાક તેને પીડા ન થાય તે રીતે કેમ સાફ કરી શકાય તે માટે કદી કોઇએ સંશોધન કર્યું છે ખરું? આ અને આવી નાની નાની સમસ્યાઓ પર સંશોધન કરી આપણે તે ગામડાંના લોકો સુધી પહોંચાડીશું તો જરૂર તેમનાં દુઃખ ઓછાં થશે.

બીજી એક વાત. ભારતના લોકોને સાવધ કરો. તમારા અવાજને ખૂબ મહત્ત્વ પ્રાપ્ત થયું છે. બિનનિવાસી ભારતીયો મહારાષ્ટ્રના મધ્યમ વર્ગના આદર્શ બન્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે અહીંના આપણા જીવનમાં કેટલાક લાભ તેમ કેટલાક ગેરલાભ છે. ભારતના આપણા અમુક ભાઇઓ તેની મૂર્ખની માફક નકલ કરે છે. તેમને ચેતવો કે આવું કશું કરશો નહીં. જેને ભૌતિક સમૃદ્ધિ મળી નથી તેમને આમ કહેશે તો ભારતીયો કહેશે કે આને સમૃદ્ધિ નથી એટલે આવું કહે છે, પણ જેને તે મળી તે જ્યારે કહેશે કે ના, 'આ રસ્તો સુખનો નથી', ત્યારે તે શબ્દોનું વજન પડે છે. ભારતના મધ્યમ વર્ગના લોકોને હાથ ઊંચો કરી ચેતવીને કહો કે



સુખનો, સંતોષનો માર્ગ વાયા અમેરિકા નથી.

આર. કે લક્ષ્મણે પોતાની માર્મિક શૈલીમાં દોરેલું એક કાર્ટૂન છે. જેમાં હિમાલયના શિખર પર એકાંતમાં બેઠેલા એક જટાધારી સાધુની મુલાકાતે હેલિકોપ્ટરમાં ત્યાં પહોંચેલા પત્રકારે પ્રશ્ન કર્યો, "મનને શાંતિ, સંતોષ ક્યાં મળશે?" સાધુ વિસ્મયથી બોલ્યો, "મને કેવી રીતે ખબર હોય! હું તો પોતે જ એક અમેરિકન છું."

સારાંશ, જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં પોતાનો ઉપભોગ ઓછો કરી તમારી મુક્તિ માટે દાન કરો. ફ્રેન્ડ્સ ઓફ ચિલ્ડ્રન ઇન મહારાષ્ટ્ર નામનું એક મંડળ અમેરિકા અને કેનેડામાં કેમ ઊભું થાય! જ્યાં જ્યાં મહારાષ્ટ્રીયનો વસે છે ત્યાં ત્યાં તેઓનું એક નાનું મંડળ રચી કેમ એવું કહેતા નથી કે અમે દર વર્ષે આટલી મદદ કરીશું. જીવનનાં બે અઠવાડિયાં કે બે મહિના અમે ભારતમાં આવીશું. એક બાળકને બચાવવા ૯૭ ડોલર જોઇએ. અમે આપીશું. આ બધું અહીં બેઠાં થઇ શકે છે.

શંકાશીલ વ્યક્તિ પ્રશ્ન પૂછશે, "આ સમસ્યા એટલી મોટી છે કે તેમાં એક બાળક બચાવવાથી શો ફેર પડે? એક ગામમાં આવું કામ કરવાથી શું થાય?

એક વખત એવું થયું કે ખૂબ મોટા વાવાઝોડાથી દરિયામાંની બહુ બધી માછલીઓ કિનારા પર ફેંકાઇ ગઇ. તે તરફડી રહી હતી. તે પાણીમાં પાછી જઇ શકતી નહોતી. આવી અસંખ્ય માછલીઓનો ઢગ તરફડતો પડ્યો હતો. ત્યારે ત્યાંથી એક માણસ પસાર થઇ રહ્યો હતો. તેણે જોયું તો એક સંન્યાસી એ પડેલી માછલીઓમાંથી એક એક વીણી પાણીમાં ફેંકી રહ્યા હતા. પાણીમાં પડતાં જ તે માછલી તરત આગળ

નીકળી જતી. આ બાજુ માછલીઓનો ઢગ ખડકાયો છે અને આ એક એક માછલી ફેંકી રહ્યો છે. તે જોઇ પેલા માણસે સંન્યાસી પાસે જઇ કહ્યું, ''આમ એક એક માછલી પાણીમાં ફેંકવાથી શો ફરક પડશે?'' સંન્યાસી કંઇ જ ન બોલ્યા. તેણે બીજી એક માછલી ઉપાડી તેને પાણીમાં ફેંકી. તે પાણીમાં તરતી નીકળી ગઇ. પછી સંન્યાસી બોલ્યા, ''તે માછલીને તો જરૂર ફરક પડશે.''

નોંધઃ—પૂ. માની આજની નાની નાની સેવાની પ્રવૃત્તિઓ પણ શું તરફડતી માછલીઓના ઢગ જેવી સમસ્યાઓમાં સંન્યાસી મહારાજ વડે ફેંકાતી—જીવન પ્રાપ્ત કરતી માછલી જેવી નથી શું?

## My Duty Towards Fellowmen

'A hundred times everyday, I remind myself that my inner and outer life depends on the labours of other life depends on the labours of other men, living and dead, and that I must exert myself in order to give in the same measure as I have received and I am still receiving.'

હું દરરોજ દિવસમાં સો સો વાર મારી જાતને યાદ દેવડાવું છું કે મારા આજના આંતર અને બાહ્ય જીવનમાં જે સારું છે તે ભૂતકાળના તેમ જ આજના અનેક માણસોની મહેનતનું પરિણામ છે. તેથી જ તો મારી એ ફરજ બની રહે છે કે મને જે પ્રમાણમાં તે પ્રાપ્ત થયું છે ને હજી થઇ રહ્યું છે, તે પ્રમાણમાં મારે પણ મારી પાસે જે સારું છે તે બીજાઓ માટે પ્રદાન કરવા પુરુષાર્થ કરવો જોઇએ.

**– આલ્બર્ટ આઇન્સ્ટાઇન.**



# ✳ વરદાન ✳

મેં તમોને ફૂલ આપ્યું,
તમોએ મુજને પ્રેમ;
સંધ્યાકાળે ફૂલ ખરી ગયું,
પ્રેમ તો એમનો એમ.

મેં તમોને દુઃખ આપ્યું,
તમોએ મુજને સુખ;
દુઃખ ગયું તમારી સાથે,
મુજ સુખ થઇ ગયું દુઃખ.

મેં તમોને સુખ આપ્યું,
તમોએ મુજને જીવન;
યોગ પરસ્પર એવો જામ્યો,
સકલ જીવન વૃંદાવન.

ફૂલે ભ્રમરને મધુ આપ્યું,
વરદ દક્ષિણા—દાન!
વિરલ લિનિયોગે વધી ગઇ,
પુષ્પ—મધુકર શાન!

મેં તમોને ફૂલ આપ્યું,
તમોએ મુજને પ્રેમ;
સંધ્યાકાળે ફૂલ બની ગયું,
આ—જીવન વરદાન.

**— અનામી.**